
# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૧૦ * જૂન, ૨૦૧૫



દરેક પદાર્થ સર્વત્ર સર્વકાળે પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. પરના ચતુષ્ટયમાં તે નથી. આ એક મહાનિયમનો નિર્ણય કરે તો ત્રણ કાળ-ત્રણ લોકવર્તી સર્વ પદાર્થની યથાર્થ પ્રતીતિ થઈ જાય અને સ્વતંત્ર જ્ઞાનાનંદ સ્વભાવ સન્મુખ થવાની રુચિ અને સ્થિરતા થાય. એ જ સુખી થવાનો ઉપાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જે (વસ્તુસ્વરૂપને) ન્યૂનતા રહિત, અધિકતા રહિત, વિપરીતતા વિના–વિપરીતતા રહિત અને સંદેહ રહિત જેમ છે તેમ જાણે છે, તેને ગણધરો યા શ્રુતકેવળીઓ સમ્યગ્જ્ઞાન કહે છે. ૧૪૮૪.

*(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૪૨)*

* જો એમ પૂછવામાં આવે કે દેવગતિ પામેલાં દેવેન્દ્રોને તો બહુ સુખ હોય છે તો પછી દેવગતિના બધાં જીવોને દુઃખ સહન કરનાર કેમ બતાવ્યા છે ? તો એનું સમાધાન આ છે કે દેવેન્દ્રોને ઇન્દ્રિય-વિષયોથી ઉત્પન્ન જે સુખ થાય છે તે દાહ ઉત્પન્ન કરનારી તૃષ્ણા દેનાર છે, તેને વાસ્તવમાં દુઃખ સમજવું જોઈએ. ૧૪૮૫. *(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ-૩, ગાથા-૩૪)*

* નિશ્ચય અને વ્યવહાર–એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે, એ વિરોધને નાશ કરનારું 'સ્યાત'પદથી ચિહ્નિત જે જિન ભગવાનનું વચન (વાણી) તેમાં જે પુરુષો રમે છે (–પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વ કર્મના ઉદયનું વમન કરીને આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત દેખે જ છે. ૧૪૮૬.

*(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૪)*

* ઈસલોકમેં પુણ્યહીન મનુષ્યકે હાથમેં રખા પદાર્થ ભી નષ્ટ હો જાતા હૈ ઔર ભાગ્યશાલીકે દૂરસે આકર રત્ન હાથમેં આ જાતા હૈ. ૧૪૮૭.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૭૨)*

* ગુરુનાં ચરણયુગલ દ્વારા મુક્તિ-પદવી પ્રાપ્ત કરવા માટે જે નિર્ગ્રંથતા મને આપવામાં આવી છે તેના નિમિત્તે ઉત્પન્ન થયેલા આનંદના પ્રભાવથી મારું મન ઇન્દ્રિયજનિત સુખને દુઃખરૂપ જ માને છે, બરાબર છે–પ્રાપ્ત થયેલો ખોળ ત્યાં સુધી જ સ્વાદિષ્ટ લાગે છે જ્યાં સુધી અતિશય મીઠી તૃપ્ત કરનાર સફેદ સાકર પ્રાપ્ત થતી નથી. ૧૪૮૮. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૧૬)*

* ઉદ્ધત જ્ઞાન (–કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે તેઓ, નિરંતર રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા, બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) દેખે છે–અનુભવે છે. ૧૪૮૯. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૨૦)*

વર્ષ–૯
અંક–૧૦

વિ. સંવત
૨૦૭૧

June
A.D. 2015




# શુદ્ધાત્માને નમસ્કાર

(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સોળમી વખતના પ્રવચન)

શ્રી સમયસાર ઉપરના ૧૬મી વખતના પ્રવચનોનો મંગલ પ્રારંભ ભાદરવા વદી એકમ (વીર સં. ૨૪૯૩)ના રોજ થયો. 'સમયસાર' એટલે શુદ્ધાત્મા, તેના ભાવોનું ફરીફરીને ઘોલન કરતાં મુમુક્ષુહૃદયમાં સુખની ઉર્મિઓ જાગે છે. આત્માનું સાધ્ય એવું સિદ્ધપદ, તે સિદ્ધદશાને પામેલા સિદ્ધભગવંતોને આત્મામાં ધ્યેયપણે સ્થાપીને સમયસારનું ઘોલન કરતાં મોહનો નાશ થઈ જશે—એવા આચાર્યદેવના કોલકરાર સહિત આ સમયસારને હે ભવ્ય જીવો ! તમે ભાવપૂર્વક સાંભળો.

नमः समयसाराय:...એમ કહીને શુદ્ધઆત્માને નમસ્કારરૂપ અપૂર્વ મંગળ કર્યું છે. જગતમાં સારરૂપ શુદ્ધઆત્મા છે. તેનું સ્વરૂપ આ શાસ્ત્રમાં કહેશે. તેને હે ભવ્ય જીવો ! તમે સાંભળો. કેવો છે શુદ્ધઆત્મા ? સ્વાનુભૂતિ વડે જણાય એવો છે. દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરહિત શુદ્ધ છે એટલે સારરૂપ છે. શુદ્ધનયના વિષયરૂપ આવો શુદ્ધઆત્મા જ સારરૂપ છે, તે જ ધ્યેયરૂપ છે, તેથી તેને ધ્યેયરૂપ સ્થાપીને નમસ્કાર કર્યા છે. શુદ્ધઆત્મા તરફ જે ભાવ ઢળ્યો તે ભાવ મંગળરૂપ છે.

ઈષ્ટદેવ કોણ ? કે સમયસારરૂપ શુદ્ધઆત્મા, તે જ ઈષ્ટદેવ છે, તેને અહીં નમસ્કાર કર્યા છે. સ્વાનુભૂતિગમ્ય એવા શુદ્ધઆત્માને નમસ્કાર તે અપૂર્વ માંગલિક છે. શુદ્ધઆત્માની અસ્તિથી વર્ણન કર્યું તેમાં રાગાદિક અશુદ્ધતાની નાસ્તિ આવી જ ગઈ. શુદ્ધઆત્મા તરફ જે પર્યાય ઝુકી તેમાં રાગાદિનો અભાવ થયો. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે આવા શુદ્ધઆત્મા તરફ સાવધાન થઈને તેને તું લક્ષમાં લે. શુદ્ધદ્રવ્ય સાથે પર્યાયનું મિલન કરીને તેને હું નમું છું—એવી પરિણતિ તે અપૂર્વ મંગળ છે.

**પરને જ જાણે જીવ તો દ્રગ જીવથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩. –શ્રી નિયમસાર**

આવો શુદ્ધઆત્મા છે તે ભાવરૂપ વસ્તુ છે, શુદ્ધ સત્તારૂપ છે, સિદ્ધદશા થતાં તેનો અભાવ નથી થઈ જતો, પણ પોતાની ચૈતન્યસત્તામાં ભાવરૂપ છે, સ્વસત્તાથી ભાવરૂપ છે, ને પરસત્તાથી અભાવરૂપ છે. સત્તારૂપ વસ્તુ છે, પણ કેવી સત્તા? કે ચૈતન્યસ્વભાવથી ભરેલી છે. આ મંગલાચરણમાં શુદ્ધ આત્મદ્રવ્ય, તેના ગુણ, ને તેની નિર્મળપર્યાય એ ત્રણે આવી ગયા. ને તેને પ્રગટ કરવાનો ઉપાય પણ બતાવ્યો કે स्वानुभूत्या चकासते એટલે કે પોતે પોતાના અનુભવરૂપ ક્રિયાવડે પ્રગટ થાય છે. આત્મા પોતે પોતાને સ્વાનુભવવડે જ જાણે છે, વિકલ્પવડે, રાગવડે, વાણી વડે આત્મા જણાતો નથી.

અહા, ચૈતન્યવસ્તુની કોઈ અપાર શક્તિ ને અપાર મહિમા છે. ચૈતન્યસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, તે સ્વાનુભવથી પોતે પોતાને જાણે છે. સ્વાનુભૂતિરૂપ ક્રિયાવડે આત્માની પૂર્ણ શુદ્ધદશા જેને પ્રગટી તે દેવ છે, તે ઈષ્ટપદ છે, તે સાધ્ય છે. તેને લક્ષમાં લઈને મંગલાચરણમાં નમસ્કાર કર્યા છે. જે શુદ્ધ આત્માને નમ્યો તે રાગને નહિ નમે, શુદ્ધાત્મા જેણે રુચિમાં લીધો તે રાગની રુચિ નહિ કરે. રાગથી જુદો પડીને શુદ્ધઆત્માને લક્ષમાં લીધો ત્યાં સાધકદશા થઈ, અપૂર્વ મંગળ થયું. જ્ઞાનની બીજ ઊગી તે હવે વધીને કેવળજ્ઞાન–પૂર્ણિમારૂપ થશે.

જેવા સિદ્ધપરમાત્મા શુદ્ધ છે તેવો જ દરેક આત્માનો શુદ્ધ સ્વભાવ છે. આવા શુદ્ધસ્વભાવપણે આત્માને દેખવો–શ્રદ્ધવો–અનુભવવો તે સાચું ‘नमः समयसाराय:’ છે સમયસાર એટલે શુદ્ધાત્મા કેવો છે તે જાણ્યા વગર તેને સાચા નમસ્કાર ક્યાંથી થાય? શુદ્ધાત્મા તરફ પર્યાય નમે તે સાચા નમસ્કાર છે.

ભગવાન! તું કોણ છો? તેની આ વાત છે. જેઓ સિદ્ધ અને અરિહંત પરમાત્મા થયા તેઓ ક્યાંથી થયા? આત્મામાં એવો સ્વભાવ છે તે અનુભવવડે પ્રગટ કરીને તેઓ પરમાત્મા થયા, તેમ આ આત્મામાં પણ એવો સ્વભાવ વિદ્યમાન જ છે, તેની સન્મુખ થઈને અનુભવ કરતાં આ આત્મા પોતે પરમાત્મા થાય છે. ભાઈ, આવો તારો આત્મા છે તેને તું પ્રતીતમાં લે, ઓળખાણ કર. આવા સ્વભાવની સન્મુખ થઈને અનુભવ કરતાં વચ્ચે રાગના ભાવ વગર સીધો આત્મા વેદનમાં આવે છે, આવા સ્વસંવેદનરૂપ જે ક્રિયા છે તે ધર્મ છે, તે આત્માને પ્રસિદ્ધ કરવાનો ઉપાય છે. અંતર્મુખ આવી પરિણતિમાં ભગવાન આત્મા આખો પ્રસિદ્ધ થાય છે, તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સમાઈ ગયા.

**વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪. –શ્રી નિયમસાર**

દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ આત્મા જેવો છે તેવો ભગવાને ઓળખાવ્યો છે. ભગવાનને તો દ્રવ્ય-ગુણ પર્યાય ત્રણે શુદ્ધ થઈ ગયા છે, વિકાર રહ્યો નથી, આ આત્માનો પણ એવો શુદ્ધસ્વભાવ છે. તે કઈ રીતે ઓળખાય? કે સ્વાનુભૂતિરૂપ ક્રિયાવડે તે ઓળખાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય કે સાધન નથી. સ્વાનુભૂતિની ક્રિયામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે, વિકલ્પ તેમાં ન આવે.

સ્વાનુભવ વડે આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે. ઇન્દ્રિયજ્ઞાનવડે કે વિકલ્પ વડે આત્મા પ્રત્યક્ષ ન થઈ શકે, પણ સ્વાનુભવરૂપ જ્ઞાન વડે આત્મા પ્રત્યક્ષ થાય છે, ભલે મતિશ્રુતજ્ઞાન હોય—પણ સ્વાનુભૂતિ વડે તેનાથી આત્મા પોતે પોતાને સ્પષ્ટ જાણી શકે છે. અહા, જ્ઞાનવડે પોતે પોતાને જાણવો—તેમાં કોઈ અપૂર્વ આનંદ છે. પોતે પોતાને જાણતાં અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિયસુખ થાય છે. તેમાં બીજું કોઈ સાધન નથી. આત્મા સારરૂપ એટલા માટે છે કે તેને જાણતાં પરમસુખ થાય છે. આત્મામાં સુખ છે ને તેને જાણતાં સુખ વેદાય છે. બાહ્ય પદાર્થોમાં સુખ નથી ને તેની સામે જોતાં સુખ વેદાતું નથી. અહા, આવો સુખસ્વભાવી આત્મા તે જ સર્વે પદાર્થોમાં સારરૂપ ઉત્કૃષ્ટ છે. આવા આત્માને લક્ષમાં લઈને નમસ્કાર કર્યા તે, અપૂર્વ મંગળ છે.

શુદ્ધઆત્માનું સ્વરૂપ લક્ષમાં લઈને નમસ્કાર કરતાં તેમાં અનંતા સિદ્ધભગવંતો ને અનંતા અરિહંતો—તીર્થંકરો પણ સમાઈ જાય છે, કેમકે તે બધાય પણ શુદ્ધ આત્મા છે. રાગાદિ મેલરહિત વીતરાગી શુદ્ધદશા જેણે પ્રગટ કરી એવો શુદ્ધઆત્મા જ ઈષ્ટ દેવ છે. 'समयसार' કહેતાં તેના અર્થમાં પાંચે પરમેષ્ઠી ભગવંતો, તેમજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે. समयसार सम् કહેતાં સમ્યગ્દર્શન, अय કહેતાં સમ્યગ્જ્ઞાન અને सार કહેતાં ચારિત્ર, આવા રત્નત્રયરૂપ પરિણમેલો શુદ્ધ આત્મા તે समयसार છે. તે ઈષ્ટ છે, તેને નમસ્કાર હો.

'સમયસાર'માં તો આત્માના ઊંડા ગંભીર ભાવો ભર્યા છે. આચાર્ય ભગવાન જ્યારે અંતરના અનુભવની વાત આ સમયસારમાં લખતા હશે—ત્યારે કેવો ધન્યકાળ હશે!! જગતના ભાગ્ય છે કે આવું શાસ્ત્ર આ કાળે રચાઈ ગયું. સાક્ષાત્ ભગવાનનો જેમને ભેટો થયો તે કુંદકુંદાચાર્યદેવની અલૌકિક દશાની શી વાત! ને ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે પણ સમયસારના અલૌકિક ભાવો ખોલ્યાં છે. જેમ તીર્થંકર અને ગણધરની જોડી શોભે તેમ

**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૫. –શ્રી નિયમસાર**

કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્યની જોડી જૈનશાસનમાં શોભે છે. તેમનું રચેલું આ સમયસાર તે તો સાધકના હૃદયનો વિસામો છે...જ્ઞાન અને રાગની ભિન્નતાનું અલૌકિક ભેદજ્ઞાન તેમાં કરાવ્યું છે.

સમયસારનો મહિમા કરતાં ગુરુદેવ કહે છે કે હે ભવ્ય! તું અપૂર્વ ભાવે સમયસાર સાંભળજે. શુદ્ધાત્માનો અનુભવ કરનારા સંતોના હૃદયમાંથી નીકળેલું આ શાસ્ત્ર શુદ્ધાત્માનો અનુભવ કરાવીને ભવનો નાશ કરાવનારું છે....આત્માના અશરીરીભાવને દર્શાવનારું આ શાસ્ત્ર છે. હે શ્રોતા! તું સાવધાન થઈને (એટલે કે ભાવશ્રુતને અંતરમાં એકાગ્ર કરીને) સાંભળ....તેથી તારો મોહ નષ્ટ થઈ જશે, ને તું પરમાત્મા થઈ જઈશ. આ શાસ્ત્રની કથનીમાંથી ધર્માત્મા શુદ્ધ આત્માને પ્રાપ્ત કરી લ્યે છે. શુદ્ધ આત્માનો અનુભવ કરાવવો તે આ શાસ્ત્રનું તાત્પર્ય છે. આવા શુદ્ધાત્માને ધ્યેયરૂપ સ્થાપીને તેને નમસ્કારરૂપ મહા મંગળ-સ્તંભ રોપ્યા છે. આ માંગળિકમાં સાધ્ય અને સાધક બંને ભાવ સમાઈ જાય છે. સમયસારરૂપ જે શુદ્ધ આત્મા તે સાધ્ય છે, અને તેને નમસ્કારરૂપ સાધકભાવ છે, અથવા સ્વાનુભૂતિ તે સાધકભાવ છે. આવી સાધક-સાધ્યની સંધિપૂર્વક મોક્ષના માણેકસ્થંભ રોપીને આ સમયસાર (૧૯મી વખત) શરૂ થાય છે.

આ સમયસારમાં દર્શાવેલો જે શુદ્ધ જ્ઞાયકભાવ, તેના ઘોલન વડે આત્માની પરિણતિ અત્યંત શુદ્ધ થશે. વચ્ચે વિકલ્પ આવે તેના ઉપર કે વાણી ઉપર લક્ષ રાખીશ નહિ, પણ તેના વાચ્યરૂપ જે જ્ઞાયકભાવ—તેના ઉપર લક્ષ રાખજે,—તે તરફ જ્ઞાનને એકાગ્ર કરજે. રાગનો ઉત્સાહ રાખીશ મા, જ્ઞાયકસ્વભાવનો જ ઉત્સાહ રાખજે. જ્ઞાયકભાવના પ્રેમથી તને પરમસુખ થશે,—એમ આશીર્વાદપૂર્વક સમયસાર સંભળાવે છે.

કેવળજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાન બંનેની એક જાત છે. જેવા આત્માને કેવળજ્ઞાન દેખે છે તેવા જ આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષવડે શ્રુતજ્ઞાન પણ દેખે છે. શ્રુતજ્ઞાનની પણ તાકાત મહાન છે, શ્રુતજ્ઞાન પણ રાગના અવલંબન વગરનું છે. શ્રુતજ્ઞાનરૂપ સાધકપર્યાય પણ અંતરમાં પોતાના પૂર્ણ ધ્યેયને પકડીને તેને અવલંબનારી છે. શ્રુતજ્ઞાનની આંખ એવડી મોટી છે કે પરમાત્મા જેવા આખા શુદ્ધઆત્માને તે દેખી લ્યે છે. તે શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાન જેવું જ નિઃશંક છે, અહા, શ્રુતજ્ઞાની—સાધક પણ કેવળજ્ઞાની—પરમાત્માની પંક્તિમાં બેસનારા છે.

**પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬. –શ્રી નિયમસાર**

ટીકાકાર અમૃતચંદ્રાચાર્યદેવ પોતે મહા સમર્થ મુનિ છે, ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધતા તો તેમને પ્રગટી જ છે, માત્ર જરાક સંજ્વલન કષાય બાકી છે, તેનો પણ નાશ થઈને પરમ વિશુદ્ધિ એટલે વીતરાગતા ને કેવળજ્ઞાન થાઓ—એવી ભાવનાથી કહે છે કે અહો! આ સમયસારની વ્યાખ્યાથી, એટલે કે તેમાં કહેલા વાચ્યરૂપ શુદ્ધઆત્માના ઘોલનથી મારી અનુભૂતિ પરમ શુદ્ધ થઈ જશે. હું શુદ્ધ ચિન્માત્ર છું—એવા મારા સ્વભાવના ઘોલનથી પરિણતિ પૂર્ણાનંદરૂપ શુદ્ધ થઈ જશે. આમ કહીને સમયસારના ઘોલનનું ફળ પણ બતાવ્યું. પર્યાયમાં અશુદ્ધતા બાકી છે તેનો પણ સ્વીકાર કર્યો, તે ટાળીને પૂર્ણ શુદ્ધતાનો ઉપાય પણ બતાવ્યો, શુદ્ધ ચિન્માત્ર આત્મસ્વભાવનું ઘોલન કરવારૂપ શાસ્ત્ર તાત્પર્ય પણ બતાવ્યું. આ શાસ્ત્ર સાંભળીને શું કરવું? કે શુદ્ધ ચિન્માત્ર આત્માનું ઘોલન કરવું. વિકલ્પનું કે રાગનું ઘોલન ન કરવું, તેના લક્ષે ન અટકવું, પણ લક્ષને વાચ્યરૂપ શુદ્ધ આત્મામાં જોડીને તેનું ઘોલન કરવું, એમ કરવાથી સાધકદશા પ્રગટે છે, ને વધીને પૂર્ણ થાય છે.

અહા, મુનિરાજને ઘણી શુદ્ધતા તો થઈ છે, પણ હજી જરાક કષાયકણથી પરિણતિમાં મલિનતા છે તે પાલવતી નથી, તેથી તેનો નાશ કરીને પૂર્ણ શુદ્ધતાની ભાવના છે, ને તે પૂર્ણ શુદ્ધતા મારા શુદ્ધચિન્માત્ર સ્વભાવના ઘોલનથી જ થશે—એવું ભાન છે. વિકલ્પનો તો નાશ કરવા માગે છે, તો તે શુદ્ધતાનું સાધન કેમ થાય? શુદ્ધતાનું સાધન વિકલ્પ ન થાય, શુદ્ધસ્વભાવનું ઘોલન જ શુદ્ધતાનું સાધન થાય.

અહા, આ તો 'समयसार' છે,—એકલું શુદ્ધાત્માનું ઘોલન છે....પદેપદે-પર્યાયે-પર્યાયે શુદ્ધઆત્મા ઘૂંટાય છે. શુદ્ધ આત્માને જાણતાં જ સાચું જ્ઞાન ને સુખ થાય છે. સુખ તો આત્મામાં છે, તેની સન્મુખ થઈને તેને જાણતાં સુખ અનુભવાય છે, બીજો કોઈ સુખનો રસ્તો નથી. શુદ્ધ આત્માના લક્ષે આ સમયસારના શ્રવણનું ફળ ઉત્તમ સુખ છે. છેલ્લે આચાર્યદેવ કહેશે કે—

આ સમયપ્રાભૃત પઠન કરીને અર્થ-તત્ત્વથી જાણીને,
ઠરશે અરથમાં આતમા જે સૌખ્ય ઉત્તમ તે થશે.

આવા આ મહાન શાસ્ત્રનો પ્રારંભ કરતાં ઉત્કૃષ્ટ મંગળરૂપે અનંતા સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને, સિદ્ધસમાન શુદ્ધાત્માને ધ્યેય બનાવે છે. અનંતા સિદ્ધભગવંતોને આત્મામાં બોલાવીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું, પહેલી ગાથા ઉપરનું અપૂર્વ ભાવભીનું પ્રવચન માટે આગામી અંક જુઓ. (ક્રમશઃ)

મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને
જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭. –શ્રી નિયમસાર




# છ દ્રવ્યનું સ્વરૂપ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૬-૪-૪૪, બુધવાર) (ગતાંકથી ચાલુ)



હવે પુદ્‌ગલનું સ્વરૂપ બતાવે છે :—

'પુદ્' એટલે પૂરાવું અને 'ગલ' એટલે ગળાવું; જે પૂરાય અને ગળી જાય અર્થાત્ ભેગા થાય અને જુદા પડે એવો સ્વભાવ તે પુદ્‌ગલનો છે. ધોળા–કાળા આદિ રંગનો આધાર પુદ્‌ગલ છે, આત્મા જ્ઞાનાદિ ગુણનો આધાર છે, પુદ્‌ગલ રંગ વગેરે ગુણોનો આધાર છે. શરીરાદિના રંગને આત્મા કરી શકે નહીં. વળી પુદ્‌ગલો મૂર્તિક છે, દેખાય તેવી ચીજ છે, મૂર્તિક વસ્તુના બધા ગુણો પણ મૂર્તિક છે. (મૂર્તિક એટલે ઈન્દ્રિયજ્ઞાનથી દૃશ્યમાન;)

આત્મામાં પુદ્‌ગલ નથી, પુદ્‌ગલ પુદ્‌ગલમાં જ છે, એ નિશ્ચયથી છે, કેવળીદશા તે આત્માની છે, રજકણની નથી. રજકણની અવસ્થાને આત્મા સાથે સંબંધ નથી. વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો આધાર પુદ્‌ગલ છે. રજકણરૂપી છે, તેના ગુણો પણ રૂપી છે; પુદ્‌ગલદ્રવ્ય અચેતન છે તેના ગુણો પણ અચેતન છે. ઈન્દ્રિયજ્ઞાનવડે જે જણાય–દેખાય તે જડ છે, અચેતન છે, રૂપી છે. જીવ ઈન્દ્રિયદ્વારા જણાય નહીં કેમકે તે અરૂપી છે. જે જે ઈન્દ્રિયદ્વારા જાણી શકાય છે તે બધી પુદ્‌ગલની અવસ્થા છે.

આ રીતે જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યની વ્યાખ્યા થઈ.

૩–ધર્માસ્તિકાય :—સ્વભાવથી અથવા વિભાવથી ગમન કરતા જીવ તથા પુદ્‌ગલને ગતિ કરવામાં ઉદાસીન નિમિત્ત તે ધર્માસ્તિકાય છે. ઉદાસીન એટલે માત્ર હાજરીરૂપ, તે કોઈને ગતિ કરવા પ્રેરતું નથી. જીવ પૂર્ણ નિર્મળ થઈને ઊર્ધ્વગમન સ્વભાવે મોક્ષ જાય તે સ્વભાવગમન છે તથા ચારગતિમાં શરીર સહિત ગતિ કરે તે વિભાવગમન છે તે બન્નેમાં ધર્માસ્તિકાય ઉદાસીન નિમિત્ત છે. એક છૂટો પરમાણુ ગમન કરે તે સ્વભાવગમન છે તથા અનેક પરમાણુઓ ભેગા મળી–સ્કંધરૂપે થઈ ગતિ કરે તે વિભાવગમન છે તે બન્નેમાં ધર્માસ્તિકાય ઉદાસીન નિમિત્ત છે. પુદ્‌ગલમાં ગતિ કરવાની શક્તિ સ્વતંત્ર છે. સાતમે પાતાળથી ગતિ કરીને એક સમયમાં ચૌદમે રાજલોક

**વિધવિધ ગુણો ને પર્યાયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને**
**દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮. –શ્રી નિયમસાર**

પહોંચી જાય એવી શક્તિ એકેક પરમાણુમાં છે. આ રીતે સ્વભાવિક તેમજ વિભાવિક ગતિ કરતાં જીવ—પુદ્‌ગલને ઉદાસીન સહાયક (સાથે હાજર રહેનારું) તે ધર્માસ્તિકાય દ્રવ્ય છે.

૪—અધર્માસ્તિકાય :—જીવ કે પુદ્‌ગલ સ્વભાવથી કે વિભાવથી સ્થિતિરૂપ પરિણમન કરે તેમાં ઉદાસીન નિમિત્ત તે અધર્મદ્રવ્ય છે.

જીવની સિદ્ધદશામાં સ્થિરતા તે સ્વભાવિક સ્થિતિ છે, સંસારમાં રહ્યો તે વિભાવિક સ્થિતિ છે, તથા એક છૂટો રજકણ સ્થિર રહ્યો તે સ્વભાવિક સ્થિતિ છે અને સ્કંધ સ્થિર રહે તે વિભાવિક સ્થિતિ છે, એ બધામાં અધર્મદ્રવ્ય ઉદાસીન સહાયક (હાજરીરૂપ નિમિત્ત) છે.

૫—આકાશ :—ઉપર જે દેખાય છે તે આકાશદ્રવ્ય નથી પણ એ તો પુદ્‌ગલની અવસ્થા છે. આકાશ તો અરૂપી અને સર્વવ્યાપક છે; અન્ય પાંચે દ્રવ્યોને રહેવાની જગ્યા આપનાર આકાશદ્રવ્ય છે.

૬—કાળ :—અન્ય પાંચે દ્રવ્યોને પરિણમનમાં (અવસ્થા બદલવામાં) હેતુ કાળદ્રવ્ય છે, તે અમૂર્તિક છે અને તેના અસંખ્યાતા અણુઓ છે, તેમને કાળાણુ કહેવાય છે.

આ રીતે જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું; તેમાં પુદ્‌ગલ સિવાયના બધા અરૂપી છે, ઈન્દ્રિયથી જણાય તેવા નથી. તથા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ આ ચાર દ્રવ્યો, તેના ગુણો અને પર્યાય ત્રિકાળ શુદ્ધ છે, તેમાં કદી વિકાર થતો નથી.

છ દ્રવ્યોની વ્યાખ્યા આવી ગઈ છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છએ અનાદિઅનંત વસ્તુઓ છે, તેનું વર્ણન ગઈકાલે કહેવાઈ ગયું છે.

હવે ટીકાકાર આચાર્યદેવ કહે છે :—

(માલિની)

**इति जिनपतिमार्गाभोधिमध्यस्थरत्नं**
**द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम्।**
**हृदि सुनिशितबुद्धिर्भूषणार्थं विधत्ते**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।**

**પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૯. –શ્રી નિયમસાર**

છ દ્રવ્યરૂપી રત્નના સમૂહને પ્રકાશનાર એવી જ્ઞાનજ્યોતિના ધારક શ્રી જિનેન્દ્ર ભગવાનના માર્ગમાં છ દ્રવ્યોનું સ્વરૂપ રહેલું છે. તે સિવાય છ દ્રવ્યોનું યથાર્થ સ્વરૂપ કોઈ કહેતું નથી. સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનમાં છ દ્રવ્યો જેમ છે તેમ જણાયાં, અને જેમ જણાયાં તેમ જ સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિ દ્વારા કહ્યાં, એ રીતે સર્વજ્ઞે માર્ગ બતાવ્યો છે, કર્યો નથી. માર્ગ તો અનાદિઅનંત છે, તે માર્ગમાં આ છ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું છે. જે કોઈ નિર્મળ બુદ્ધિવાળો પોતાની નિર્મળ બુદ્ધિથી આ છ દ્રવ્યરૂપી રત્નોને પોતાની અંદરમાં ધારણ કરે છે અર્થાત્ યથાર્થજ્ઞાન કરે છે તે મુક્તિરૂપી શ્રેષ્ઠ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

છએ દ્રવ્યોને જાણવાનો સ્વભાવ પોતાના આત્માનો છે. જેણે છ દ્રવ્યોને યથાર્થપણે કબુલ્યાં તેણે પોતાના અનંત શક્તિવાળા આત્માને કબુલ્યો છે. એક મારો જ્ઞાનસ્વભાવ જ એવો છે કે જેમાં છ એ દ્રવ્યો જણાય છે, તે જ્ઞાનમાં પોતાનો પણ નિર્ણય કરે છે કે—"હું જ બધાને જાણનારો જ્ઞાનમૂર્તિ આત્મા છું. મારા જ્ઞાનમાં બધી વસ્તુઓ જણાવાયોગ્ય છે. એક કોર રામ અને બીજી કોર ગામ. તેમ એક તરફ મારૂં જ્ઞાન તે જાણનાર અને સામે ત્રણકાળ ત્રણલોક તે જ્ઞેય—મારા જ્ઞાનમાં જણાવાયોગ્ય; વર્તમાન જેટલું ઊણું જ્ઞાન છે તે ઊણપ રાગ—દ્વેષને લઈને છે, પણ મારો જ્ઞાનસ્વભાવ ઊણો કે અધૂરો નથી, હું એક સમયમાં પૂર્ણ જાણનારો છું, વર્તમાન જેટલું ન જણાય તે પર્યાયમાં પુરુષાર્થની નબળાઈને કારણે છે, પણ પર્યાયમાં જે પુરુષાર્થની નબળાઈ છે તે મારૂં સ્વરૂપ નથી, હું તો તેનો પણ જાણનાર જોનાર જ છું." આ રીતે જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરે તેને મુક્તિરૂપી સ્ત્રી (શુદ્ધ પરિણતિ) અલ્પકાળમાં પ્રાપ્ત થાય.

હું જાણનાર છું, જાણનાર સ્વભાવમાં કાંઈ ન જણાય એમ આવે નહીં, માટે હું બધું જાણનાર છું. જે નથી જણાતું તેટલું રાગ—દ્વેષને કારણે તથા પુરુષાર્થની વર્તમાન નબળાઈને કારણે નથી જણાતું, પણ રાગ—દ્વેષ કે પુરુષાર્થની નબળાઈ જ હું નથી, હું તો જાણનાર જ છું—જાણવામાં રાગ—દ્વેષ નથી. છ દ્રવ્ય, સ્વર્ગ, નર્ક, લક્ષ્મી, આબરૂ એ બધાનો હું તો જાણનાર છું, છ દ્રવ્યનું જ્ઞાન કરૂં, પણ મારા જ્ઞાનમાં તે પેસી જતાં નથી; આવી રીતે સ્વભાવની પ્રતીત થઈ અને તેમાં એકાગ્ર થયો તેને મુક્તિરૂપી શ્રેષ્ઠ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. અહીં મુક્તદશાને જ આત્માની લક્ષ્મી કહી છે.　　　(ક્રમશઃ)

❋

છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;
જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.　　　–શ્રી નિયમસાર



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

સંસારમાં પુણ્યવંત પુરુષોને પણ ઇષ્ટ વિયોગ તથા અનિષ્ટ સંયોગ થાય છે એમ હવે કહે છે :—

पुण्णजुदस्स वि दीसदि इट्ठविओयं अणिट्ठसंजोयं ।
भरहो वि साहिमाणो परिज्जओ लहुयज्जेभाएण ।।४६।।

**અર્થ** :—પુણ્યોદયયુક્ત પુરુષને પણ ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ થતો જોવામાં આવે છે. જુઓ, અભિમાનયુક્ત ભરત ચક્રવર્તી પણ પોતાના નાના ભાઈ બાહુબલીથી હાર પામ્યા. ૪૯.

જુઓ, ભરતચક્રવર્તી છ ખંડના ધણી હતા, તેમને ૬૪૦૦૦ રત્નની પૂતળી જેવા દીકરા હતા. એક જયકુમારની દીક્ષાના સમાચાર સાંભળતાં વૈરાગ્ય પામીને ૧૦૦ પુત્રો ભગવાનના સમવસરણમાં દીક્ષા લેવા ગયા છે, ત્યાં તેમના રૂપને દેખીને ઇન્દ્રને પણ આશ્ચર્ય થાય છે કે અરે ! આ કોણ છે ? શું આ તે મનુષ્ય છે કે દેવ ?—આવું તો અદ્ભુત રૂપ ભરત ચક્રવર્તીના પુત્રોનું હતું. આવા પુણ્યવંત ભરત ચક્રવર્તી પણ પોતાના નાના ભાઈ બાહુબલીથી હાર પામીને અપમાનિત થયા. જુઓ, ભરત અને બાહુબલી બન્ને ચરમ શરીરી છે. તેમાં ભરત ચક્રવર્તી જેવા પુણ્યવંત, ઇન્દ્રો પણ જેના મિત્રો, આવા પુણ્યવંત ભરત ચક્રવર્તી પણ બાહુબલીથી હાર પામ્યા, એટલે કે સંસારમાં મોટા મોટા માંધાતાઓને પણ અપમાન વગેરેનો પ્રસંગ આવે છે, માટે સંસારમાં પુણ્ય પણ જીવને શરણરૂપ નથી, માટે એ પુણ્ય અને પુણ્યના ફળની ભાવના છોડ ને ધ્રુવ ચૈતન્યની ભાવના કર—એ માટે આ ઉપદેશ છે. જરાક પ્રતિકૂળતા આવે ત્યાં અપમાન માનીને મૂઢ જીવો મુંઝાઈ જાય છે. ધર્મી તો કહે છે કે સંસારમાં મોટા પુણ્યવંતોને પણ અપમાન વગેરેનો પ્રસંગ આવે છે; એમ જાણીને ધર્મી તો ચૈતન્યસ્વભાવની ભાવના કરીને વીતરાગતાને વધારે છે, આનું નામ ધર્મ છે.

સંસાર ભાવનાનું વર્ણન ચાલે છે. આત્માનો અસલી સ્વભાવ જ્ઞાન આનંદની મૂર્તિ

રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;
તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧. –શ્રી નિયમસાર

છે. તે સ્વભાવમાં સંસાર નથી; આવા સ્વભાવનું ભાન કર્યે ધર્મ થાય છે. ધર્મી જીવ સ્વભાવના ભાનપૂર્વક સંસારનું સ્વરૂપ એમ વિચારે છે કે "અહો ! ચૈતન્યસ્વરૂપ શાંત-સુખરૂપ છે, તે સિવાય સંસારમાં કોઈ સુખરૂપ નથી. સંસાર તો વિકાર છે, તે દુઃખરૂપ છે. આત્માના સ્વભાવમાં પૂર્ણતા છે, પણ પુણ્યના સંયોગમાં પૂર્ણતા હોતી નથી. સંયોગમાં પૂર્ણતા ન હોય, પુણ્ય પોતે ખંડખંડરૂપ વિકારભાવથી ઉત્પન્ન થયેલું છે, તેથી તેના ફળમાં પૂર્ણતા ન હોય. તીર્થંકરપદમાં પૂર્ણ પુણ્યનો ઉદય હોય છે, પણ ત્યાં તો કેવળજ્ઞાન થઈ ગયું છે, એટલે સંયોગ ઉપર લક્ષ જ નથી. અધૂરી દશાવાળા સંસારી જીવને પુણ્યના સંયોગમાં પૂર્ણતા હોય નહિ". ધર્મીને દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ છે ને તેમાં સ્થિરતા થતાં જ્ઞાનાદિની પૂર્ણતા પ્રગટે છે; પણ સંયોગમાં ઇચ્છાનુસાર પૂર્ણતા કોઈને થતી નથી. સ્વભાવ પરિપૂર્ણ છે, તેમાં સંસાર નથી. સંસારમાં ક્યાંય સંયોગની પૂર્ણતા હોતી નથી, માટે ધર્મી જીવ પૂર્ણ સ્વભાવી આત્માને દૃષ્ટિમાં લઈને તેની જ ભાવના કરે છે.

પુણ્યના ફળ મળે પણ તેમાં પરિપૂર્ણતા હોતી નથી. છદ્મસ્થદશામાં તીર્થંકર પ્રકૃતિ ફળે નહિ, કેવળજ્ઞાન થયા પછી જ તીર્થંકર પ્રકૃતિનું ફળ આવે છે, પણ ત્યાં તો કાંઈ બહારમાં સંયોગ ભોગવવા ઉપર લક્ષ હોતું નથી. ત્યાં તો પોતાના આનંદની પૂર્ણતાનો જ ભોગવટો છે. નીચલી દશામાં સંયોગના ભોગવટા ઉપર જેનું લક્ષ છે તેને પુણ્યનો સંયોગ પૂરો હોતો નથી; એટલે સંસારમાં કોઈ પ્રાણી સુખી નથી.

કોઈ જાણે કે 'જેને મહાન પુણ્યનો ઉદય છે તેને તો સુખ છે,' પણ સંસારમાં તો સુખ કોઈને પણ હોતું નથી. ભરતચક્રવર્તી જેવા પણ અપમાનાદિકથી દુઃખી થયા તો બીજાઓની વાત જ શું કહેવી ? સંયોગમાં સુખ તો નથી, પણ સંયોગમાં પૂર્ણતા હોતી નથી. ધર્મી જીવ સંયોગમાં સુખ માનતા નથી, તેથી તેને સંયોગની ભાવના હોતી નથી. અખંડ સ્વભાવની જ ભાવના ભાવે છે. ધર્મી તો સંસારમાં સુખ માનતા નથી. ચિદાનંદ આત્મા અખંડ જ્ઞાનમૂર્તિ છે, વીતરાગતાનો પિંડ છે. તે અખંડ સ્વભાવમાં ભેદ પડીને વિકલ્પ ઊઠ્યો ત્યારે પુણ્યનો ભાવ થયો. તે પુણ્ય પોતે ખંડ ખંડરૂપ છે અને તેના ફળમાં સંસારીને જે સંયોગ મળ્યો, તે સંયોગમાં પણ પૂર્ણતા હોતી નથી. અરે ભાઈ ! જો તું સંસારમાં સુખ માનતો હો તો અહીં મુનિરાજ કહે છે કે ધીરો થા ! ધીરો થા ! આ સંસારમાં ચક્રવર્તી જેવાને પણ સંયોગમાં પૂર્ણતા નથી, તો બીજાની શું વાત ? જુઓ, સ્વભાવનું સુખ પૂર્ણ હોય, પણ સામગ્રીનું સુખ પૂરું ન હોય. સામગ્રીમાં સુખ તો છે જ

**જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;**
**ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨. –શ્રી નિયમસાર**

નહિ, પણ જે સામગ્રીમાં સુખની કલ્પના કરે છે તે સામગ્રી પણ પૂરી કોઈને હોતી નથી. ભરત ચક્રવર્તી તો ધર્માત્મા હતા, તેને ભાન હતું કે મારું સુખ તો મારા સ્વભાવમાં જ છે, સંયોગમાં મારું સુખ નથી.

તે ભરત ચક્રવર્તી છ ખંડ જીતીને જ્યારે પાછા ફરે છે ત્યારે તેના નાના ભાઈ બાહુબલી તેને નમતા નથી; એટલે યુદ્ધ થાય છે. જુઓ, બન્ને ભાઈઓ સમ્યગ્જ્ઞાની છે, તે જ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષ પામવાના છે, પણ જરાક અભિમાનને લીધે બન્ને પરસ્પર યુદ્ધ કરે છે, તેમાં ભરત ચક્રવર્તી હારી જાય છે ને તેમનું અપમાન થાય છે. જુઓ ! ચક્રવર્તી જેવા પુણ્યવંતનું પણ અપમાન થયું ! તો બીજા સાધારણ જીવોની તો શું વાત કરવી ? માટે આ સંસારમાં પુણ્યના ઉદયવાળા જીવો પણ સુખી નથી. ભરત જેવા પુણ્યવંતને પણ પુણ્યમાં એટલી ઓછાશ હતી તેથી હારી ગયા. પુણ્ય તે કાંઈ સ્વભાવ નથી, તેથી તેમાં પૂર્ણતા હોય નહિ, માટે તું પુણ્યની ને સંયોગની ભાવના છોડ ને અંદરનો ચિદાનંદ સ્વભાવ પરિપૂર્ણ છે તેની ભાવના કર. આત્મા જ્ઞાન-આનંદ વગેરે સ્વભાવથી ભરપૂર—પરિપૂર્ણ છે તેની પ્રતીત કરીને તેમાં લીન થાય તો પર્યાયમાં જ્ઞાન આનંદની પૂર્ણતા પ્રગટે છે, પણ કોઈ જીવ સંયોગમાં પૂર્ણતા કરવા માગે તો તેમાં કદી પૂર્ણતા થાય તેમ નથી. જુઓ, આનું નામ સંસારભાવના ! સંસારમાં પુણ્યના ફળમાં જેને સુખ લાગતું હોય તે જીવને ખરી સંસારભાવના હોય નહિ. એક તરફ સ્વભાવ ને બીજી તરફ સંયોગ ! જેણે સ્વભાવની પૂર્ણતાની ભાવના ન કરી તે જીવ અજ્ઞાનથી સંયોગમાં પૂર્ણતાની ભાવના કરે છે. ધર્મી જીવ તો પોતાના પૂર્ણ સ્વભાવની રુચિ અને ભાવના કરીને સંયોગની ભાવના છોડે છે.

જુઓ, ભરત ચક્રવર્તી જ્યારે હારી ગયા ત્યારે અપમાનથી દુઃખ લાગ્યું ને ક્રોધથી બાહુબલી ઉપર ચક્ર છોડ્યું, પણ ચક્ર કદી ચરમશરીરીનો કે ગોત્રના માણસોનો ઘાત કરે નહિ, તેથી બાહુબલી ઉપર ચક્ર ચાલ્યું નહીં અને બાહુબલી વૈરાગ્ય પામ્યા કે અરે ! ધિક્કાર આ સંસારને ! એક પૃથ્વીના ટુકડા માટે ભરત ચક્રવર્તી જેવા પણ સગા ભાઈનો ઘાત કરવા તૈયાર થયા ! આમ સંસારથી વિરક્ત થઈને બાહુબલીજી દીક્ષા માટે તૈયાર થયા. ભાઈને દીક્ષા લેવા માટે તૈયાર થયેલા દેખીને ભરતને પણ દુઃખ લાગ્યું. જુઓ ! અહીં એમ કહેવું છે કે સંસારમાં પુણ્યના ફળની પૂર્ણતા હોતી નથી. પૂર્ણતા તો ચિદાનંદ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.** **–શ્રી નિયમસાર**



# અરિહંતદેવનો સાચો સેવક કેવો હોય છે?

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, ભાદરવા સુદ ૨, રવિવાર)

પ્રશ્ન :—સાહેબ! આપે કહ્યું કે 'પહેલાં કુદેવાદિ માટે ખર્ચતો હતો તેના કરતાં અધિક સુદેવાદિ માટે ખર્ચવું'; પણ અમે અત્યાર સુધી કુદેવાદિ માટે પણ કાંઈ કર્યું ન હોય અને હવે સુદેવાદિ માટે પણ ન કરીએ તો તેથી અમને ગૃહીત મિથ્યાત્વ તો ન કહેવાયને?

ઉત્તર :—પહેલાં ન ખર્ચ્યું તેનું કાંઈ નહીં, પણ હવે તો તમારે વીતરાગદેવને માનવા છે કે નહીં? તો અન્ય કુદેવાદિને માનનાર તે કુદેવાદિ માટે જેટલું કરે છે તેના કરતાં અધિક સુદેવાદિ માટે જો તમે ન કરો તો તમને ગૃહીત મિથ્યાત્વ પણ છૂટ્યું નથી. સારો અન્યધર્મી હોય તો તે પણ તેના માનેલા દેવ વગેરે માટે પેદાશનો અમુક ભાગ કાઢે છે અને તને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ ખાતર ઉલ્લાસ નથી આવતો અને તન, મન, ધન નથી લગાવતો તો તું તેમાંથી પણ ગયો!

લૌકિકમાં છોકરાંના લગ્ન વગેરે કાર્યોમાં પૈસા વગેરે કાઢે, ત્યાં તન, મન, વચન, કાળ બધું લગાવે અને અહીં દેવ-ગુરુની ભક્તિ, પ્રભાવના વગેરે કાર્યોમાં ભડનો દીકરો મોઢેથી વાતો કરે! અને પોતાને અરિહંતદેવનો ભક્ત કહેવરાવે તથા પોતે પણ તેમ માને. પણ ભાઈ! અરિહંતદેવ-ગુરુ-ધર્મની સાચી પ્રીતિ તો ત્યારે જ કહેવાય કે જ્યારે જેમ કુદેવાદિને માનનારાઓ કુદેવાદિની ભક્તિ વગેરેમાં ઉલ્લાસથી કુદી પડે છે તેમ તેના કરતાં વિશેષ ઉલ્લાસથી સાચા દેવ-ગુરુને ઓળખીને તેમની ભક્તિ-પ્રભાવના વગેરે કાર્યો માટે તન-મન-ધન લગાવે અને ત્યારે જ તેને અરિહંત દેવ, ગુરુ, ધર્મની પ્રીતિ કહેવાય; નહીંતર તો તેને ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ પણ નથી.

જે લૌકિક છે ને જેનામાં નિમિત્તપણે પણ દેવપણાની લાયકાત નથી એવા તદ્દન મિથ્યાત્વી કુદેવાદિને માનતો હતો; તેમાં તન, મન, ધન, જ્ઞાન, શ્રદ્ધા, વગેરે લગાવતો હતો અને તેને માટે (પોતાના માનેલા કુદેવાદિ માટે) ક્રોધાદિ કષાય પણ પ્રથમ દશામાં કરતો હતો તેમ જ વર્તમાનમાં તારા બરોબરીયા (અહીં માન્યતાની અપેક્ષાએ

**અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪. –શ્રી નિયમસાર**

સરખામણી નથી કરવી પણ તન, મન, ધન વગેરે સંયોગની અપેક્ષાએ સરખામણી છે) તેના માનેલા કુદેવાદિ માટે બધું કરે છે, તો હવે મનને આંગણે—વ્યવહાર શુદ્ધિમાં—આવીને તારે જિનેશ્વર દેવાધિદેવ અરિહંત ભગવાન, નિર્ગ્રંથ ગુરુ અને સમ્યક્‌શાસ્ત્રોની ઓળખાણ કરીને તેમના માટે પહેલાં કરતાં અધિક તન, મન, ધન, જ્ઞાન વગેરે ખર્ચવા જોઈએ.

આ પ્રથમ અરિહંતનો ભક્ત કેમ થવાય, બાહ્ય જૈની કેમ થવાય તેની વાત છે. આ તો વીતરાગનો માર્ગ છે, તેમાં બીજું ચાલે નહીં. બીજું બધું (વીતરાગ માર્ગથી વિરુદ્ધ હોય તે બધું) છોડી દે તો વીતરાગનો માર્ગ સમજાય. ઘણીવાર કહેવાય છે કે :—

પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો....ને;
પ્રથમ પહેલાં મસ્તક મૂકી, વળતાં લેવું અરિહંતનું નામ જો.....ને.
પ્રભુનો મારગ છે શૂરાનો......

સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વર અરિહંતદેવના સેવક થવા માટે આખી દુનિયાને મૂકી દેવી પડે એટલે કે જગતની દરકાર છોડી દેવી પડે. આખા જગતની પ્રતિકૂળતા આવી પડે તો ય ભગવાન અરિહંતદેવની શ્રદ્ધા અને ભક્તિ ન છોડાય. પોતાના પુરુષાર્થથી સંસાર તરફનો અશુભભાવ છેદીને સાચા દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિ, પૂજા, વિનય વગેરેનો શુભભાવ આવ્યા વગર ગૃહીત મિથ્યાત્વ પણ ટળે નહીં. ભગવાનના ભક્ત ભગવાનને પધરાવતાં કહે છે કે :—

આવો આવો સીમંધરનાથ અમ ઘેર આવો રે,
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ પધારો રે.
હું કઈ વિધ પૂજું નાથ કઈ વિધ વંદું રે?
મારે આંગણે વિદેહી નાથ જોઈ જોઈ હરખું રે......

(જિનેન્દ્ર સ્તવનમંજરી પાનું ૨૮૦)

વીતરાગદેવ-ગુરુની ભક્તિથી ઊછળતા વીતરાગના સેવક કહે છે કે હે પ્રભુ! હે નાથ! આપને કઈ રીતે પૂજું? આખી દુનિયાને વોસરાવી દઈને અને આ શરીરના કમળ બનાવીને તે વડે તમારી પૂજા કરું કે કઈ રીતે પૂજું? અહીં અજ્ઞાનતા નથી પણ વિનય છે, ભક્તિનો ઉલ્લાસ છે. પહેલાં તો વીતરાગ દેવ-ગુરુની ભક્તિમાં સર્વસ્વ અર્પણતા

**અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,**
**તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫. —શ્રી નિયમસાર**

જોઈએ, તે વિના વીતરાગનો ભક્ત કહેવાય નહીં.

ભીડને ભાળે તે ભગવાનનો ભક્ત નથી. ભક્તને જગતમાં ભીડ કેવી? અરિહંતનો ભક્ત ભીડને ભાળતો જ નથી, એ તો નીકળ્યો તે નીકળ્યો. અરિહંતદેવનો સેવક થયો, તો હવે અરિહંતપદ લીધે જ છૂટકો! અરિહંતનો ભક્ત થયો તે અરિહંતપદ લીધા વગર રહે જ નહીં, અરિહંત જેવા થયે જ છૂટકો. લ્યો, આનું નામ અરિહંતના ભક્ત, આનું નામ વીતરાગના સેવક અને આનું નામ જૈન.

શ્રી આનંદઘનજીએ કહ્યું છે કે :—

હે જિનેશ્વર દેવ!
ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર....

(જવાબદારી લઈને કહે છે કે—)

બીજો મનમંદિર આણું નહિ, એ અમ કૂળવટ રીત જિનેશ્વર...ધર્મ૦

હે નાથ! તારા ગુણની ભક્તિ કરવા ઉઠ્યો તે ઉઠ્યો, હવે જગતમાં કોઈ અમને રોકવા સમર્થ નથી, હવે ભંગ પડવાનો નથી. રણે ચડ્યા રજપૂત છૂપે નહીં. એક ગરાસીયાપણાના અભિમાન ખાતર પણ કેટલો પોરસ રાખે છે! તો આ તો તીર્થંકર ભગવાન કે જેમને સો ઈન્દ્રો, ચક્રવર્તી વગેરે પૂજે છે અને જેમના જન્મે ત્રણેય લોકમાં અજવાળાં થાય છે એવા દેવાધિદેવ વીતરાગ પ્રભુને જે સાથે લ્યે, તેમને હૃદયમાં સ્થાપીને તેમનો ભક્ત બને અને ફેં—ફેં કરે એ કેમ બને? આ તો વીતરાગનું શાસન છે, અહીં પોપાબાઈનું રાજ નથી. ભગવાનનો ભક્ત કહેવડાવે અને વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનાદિ માટે તન-મન-ધન ખરચવાની વાત આવે ત્યાં ફેં-ફેં કરે તે વીતરાગનો ભક્ત જ નથી. શાસ્ત્રની કિંમતના પૈસા અગાઉથી ભરવાની વાત આવે ત્યાં કહે કે શાસ્ત્ર આવે ત્યારે વાત, તો એમ કહેનારને શાસ્ત્રની ભક્તિ નથી.

તે ભગવાન પાસે ચોખા મૂકવામાં પાપ માને છે, પણ અંદરમાં ક્યા ભાવે ચોખા મૂકાય છે તે જાણતો નથી. પુણ્ય-પાપ તે બહારની ક્રિયામાં હોય કે અંદરના પરિણામ ઉપર? જેવા આત્માના પરિણામ તે અનુસાર પુણ્ય-પાપ થાય છે.　　　(ક્રમશઃ)

✲

**આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;**
**પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.　　　–શ્રી નિયમસાર**

# માનવ જીવનનું મહા કર્તવ્ય

## દ્રવ્યદૃષ્ટિનો મહિમા

જે જીવ એકવાર પણ દ્રવ્યદૃષ્ટિ ધારણ કરે તેનો મોક્ષ થાય જ.

**(૧) દ્રવ્યદૃષ્ટિમાં ભવ નથી.**

આત્મા વસ્તુ છે; વસ્તુ એટલે શક્તિ-સામર્થ્યથી પૂર્ણ ત્રિકાળ એકરૂપ ટકતું દ્રવ્ય. એ દ્રવ્યનું વર્તમાન તો દરેક સમયે હોય જ. હવે એ વર્તમાન જો નિમિત્તને આધીન હોય તો વિકાર છે અર્થાત્ સંસાર છે; અને જો તે વર્તમાન સ્વલક્ષે-સ્વાશ્રયપણે હોય તો, દ્રવ્યમાં વિકાર ન હોવાથી તે પર્યાયમાં પણ વિકાર હોય નહિ એટલે કે મુક્તિ જ હોય. દૃષ્ટિએ જે દ્રવ્યનું લક્ષ કર્યું છે તે દ્રવ્યમાં ભવ કે ભવનો ભાવ નથી, તેથી તે દ્રવ્યના લક્ષે થતી અવસ્થામાં પણ ભવ કે ભવનો ભાવ નથી. એટલે દ્રવ્યદૃષ્ટિમાં તો ત્રિકાળ મુક્તિ જ છે, તેમાં ભવ નથી.

જો દ્રવ્યની વર્તમાન અવસ્થા પોતાના લક્ષને ચૂકીને જીવ કરતો હોય તો તે વિકારી છે, છતાં પણ તે વિકાર તો એક જ સમય પૂરતો છે, ત્રિકાળ દ્રવ્યમાં તે વિકાર નથી. એટલે ત્રિકાળી દ્રવ્યના લક્ષે વર્તમાન અવસ્થા થાય તેમાં ઊણપ કે વિકાર નથી, અને જ્યાં ઊણપ કે વિકાર નથી ત્યાં ભવનો ભાવ નથી, અને ભવનો ભાવ નથી માટે ભવ પણ નથી. એટલે દ્રવ્યસ્વભાવમાં ભવ નહિ હોવાથી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં ભવનો અભાવ જ છે. દ્રવ્યદૃષ્ટિ ભવને સ્વીકારતી નથી. *(રાત્રિચર્ચા)*

આત્માનો સ્વભાવ નિઃસંદેહ છે તેથી તેમાં ૧—સંદેહ, ૨—રાગ-દ્વેષ કે ૩—ભવ નથી. તે કારણે સમ્યગ્દૃષ્ટિને ૧—પોતાના સ્વરૂપનો સંદેહ નથી, ૨—રાગ-દ્વેષનો આદર નથી અને ૩—પોતાને ભવની શંકા નથી. દૃષ્ટિ એકલા સ્વભાવને જ જુએ છે, દૃષ્ટિ પરવસ્તુને કે પરનિમિત્તની અપેક્ષાથી થતા વિભાવભાવોને પણ સ્વીકારતી નથી. તેથી વિભાવભાવના કારણે થતા ભવ પણ દૃષ્ટિમાં નથી. દૃષ્ટિ એકલી સ્વવસ્તુને જ જોતી હોવાથી તેમાં પર દ્રવ્ય સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વગર એકલો સ્વભાવ જ રહ્યો, સ્વભાવ ભાવમાં ભવ નથી, તેથી દ્રવ્યદૃષ્ટિમાં ભવ નથી. આમ હોવાથી દ્રવ્યદૃષ્ટિનું જોર નવા ભવનું બંધન પડવા દેતું નથી અને દ્રવ્યદૃષ્ટિના

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭. —શ્રી નિયમસાર**

ભાન વગરના ભાવમાં ભવનું બંધન પડ્યા વગર રહેતું નથી. કેમકે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર તો છે નહિ, પર્યાય ઉપર અને રાગ ઉપર દૃષ્ટિ છે. તે દૃષ્ટિ બંધનું જ કારણ છે.

**(૨) દ્રવ્યદૃષ્ટિ ભવને બગડવા દેતી નથી.**

દ્રવ્યદૃષ્ટિ થયા પછી કદાચ અસ્થિરતા રહી જાય અને એક-બે ભવ હોય તો પણ તે દૃષ્ટિ ભવને બગડવા દેતી નથી. દ્રવ્યદૃષ્ટિ પછી જીવ કદાચ લડાઈમાં ઊભો હોય અને બાણ ઉપર બાણ છોડતો હોય અને નીલ–કાપોત લેશ્યાના અશુભભાવ આવે છતાં તે વખતે નવા ભવના આયુનો બંધ પડે નહિ, કેમ કે અંદર દ્રવ્યદૃષ્ટિનું બેહદ જોર પડ્યું છે તે જોર ભવને બગડવા દેતું નથી. તેમ જ ભવને વધવા દેતું નથી. જ્યાં દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ પડી ત્યાં સ્વભાવ તેનું કાર્ય કર્યા વગર રહેશે નહિ; તેથી દ્રવ્યદૃષ્ટિ થયા પછી હલકી ગતિનો બંધ ન પડે તેમજ ભવ વધે પણ નહિ. એવો જ દ્રવ્યસ્વભાવ છે.

(૨૧-૯-૪૪ ચર્ચાના આધારે)

**(૩) દ્રવ્યદૃષ્ટિને શું માન્ય છે?**

દ્રવ્યદૃષ્ટિ કહે છે કે–''હું એકલા આત્માને જ સ્વીકારું છું.'' એકલા આત્મામાં પરનો સંબંધ હોય નહિ, તેથી પરના સંબંધે થતાં ભાવોને તે દૃષ્ટિ સ્વીકારતી નથી. અરે ! ચૌદ ગુણસ્થાન ભેદો પણ પર સંયોગે થતા હોવાથી તેનો પણ સ્વીકાર નથી. દૃષ્ટિને તો એકલો આત્મસ્વભાવ જ માન્ય છે. જે જેનો સ્વભાવ હોય તેનો તેમાં કદી જરા પણ અભાવ થાય નહિ અને અંશે પણ અભાવ કે ફેરફાર થાય તે વસ્તુનો સ્વભાવ નથી; એટલે જે ત્રિકાળ એકરૂપ રહે છે તે જ વસ્તુનો સ્વભાવ છે અને દૃષ્ટિ તેને જ માને છે. દ્રવ્યદૃષ્ટિ કહે છે કે :–''હું જીવને માનું છું,–એ જીવ કેટલો ?....સંબંધ વિના રહે તેટલો. એટલે કે સર્વ પર પદાર્થનો સંબંધ કાઢી નાંખતાં જે એકલું સ્વતત્ત્વ રહે તે જીવ છે તેને જ હું સ્વીકારું છું. મારા લક્ષ્યરૂપ ચૈતન્યભગવાનને પરની અપેક્ષાએ ઓળખાવવો તે ચૈતન્ય સ્વભાવમાં લાજપ છે, –મારા ચૈતન્યને પરની અપેક્ષા નથી. એક સમયમાં પરિપૂર્ણ દ્રવ્ય તે જ મને માન્ય છે.'' (૧૮-૧-૪૫ના પ્રવચનમાંથી : સ. ગાથા ૬૮)

**(૪) મોક્ષ પણ દ્રવ્યદૃષ્ટિને આધીન છે**

જો કોઈ જીવ એકવાર પણ દ્રવ્યદૃષ્ટિને ધારણ કરે તો તે જીવ જરૂર મોક્ષ પામે જ. અને દ્રવ્યદૃષ્ટિ વગર બીજા અનંત-અનંત ઉપાયો કરે તો પણ જીવ મોક્ષ પામે જ

**અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,**
**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮. –શ્રી નિયમસાર**

નહિ. શ્રીમદ્ રાજચંદ્રજીની 'સમ્યક્ત્વની પ્રતિજ્ઞા' સંબંધે કહે છે કે ''મને ગ્રહણ કરવાથી, ગ્રહણ કરનારની ઈચ્છા ન થાય તો પણ મારે તેને પરાણે મોક્ષ લઈ જવો પડે છે.'' તથા તેમણે જ કહ્યું છે કે—''સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવાયોગ્ય નથી.'' માટે જેને મોક્ષ જોઈતો હોય તેણે દ્રવ્યદૃષ્ટિ ધારણ કરવી જોઈએ. જે જીવને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેનો મોક્ષ છે જ, અને જે જીવને દ્રવ્યદૃષ્ટિ નથી તેનો મોક્ષ નથી જ. એ રીતે મોક્ષ દૃષ્ટિને આધીન છે.

**(૫) જ્ઞાન પણ દૃષ્ટિને આધીન.**

જે જીવને દ્રવ્યદૃષ્ટિ નથી તે જીવનું જ્ઞાન સાચું નથી. ભલે કોઈ જીવ અગિયાર અંગનું જ્ઞાન કરે પણ જો દ્રવ્યદૃષ્ટિ ન કરે તો તેનું બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન જ છે; અને કોઈ જીવ કદાચ નવતત્ત્વનાં નામ ન જાણતો હોય છતાં પણ જો જીવને દ્રવ્યદૃષ્ટિ હોય તો તે જીવનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે. સમ્યગ્દર્શનને નમસ્કાર કરતાં શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે—''અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃતિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'' દ્રવ્યદૃષ્ટિ વગરનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે અને તે સંસારનું કારણ છે; દ્રવ્યદૃષ્ટિ થતાં જ્ઞાન સમ્યક્પણું પામે છે તેથી જ્ઞાન પણ દૃષ્ટિને આધીન છે.

(નોંધ : દ્રવ્યદૃષ્ટિ કહો કે આત્મસ્વરૂપની ઓળખાણ કહો, તેમજ સમ્યગ્દૃષ્ટિ, પરમાર્થદૃષ્ટિ, વસ્તુદૃષ્ટિ, સ્વભાવદૃષ્ટિ, યથાર્થદૃષ્ટિ, ભૂતાર્થદૃષ્ટિ—એ બધા એકાર્થવાચક શબ્દો છે.)

**(૬) ઊંધી દૃષ્ટિની ઊંધાઈનું માહાત્મ્ય.**

જે જીવોને ઉપર કહી તેવી દ્રવ્યદૃષ્ટિ ન હોય તે જીવોને ઊંધી દૃષ્ટિ હોય છે. (ઊંધી દૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ, અયથાર્થ દૃષ્ટિ, ખોટી દૃષ્ટિ, વિકાર દૃષ્ટિ, અભૂતાર્થ દૃષ્ટિ) એ બધા એકાર્થવાચક શબ્દો છે. એ ઊંધી દૃષ્ટિ એક સમયમાં અખંડ પરિપૂર્ણ સ્વભાવને માનતી નથી; એટલે એક સમયમાં અખંડ પરિપૂર્ણ વસ્તુનો નકાર કરવાનું અનંતુ ઊંધું સામર્થ્ય તે દૃષ્ટિમાં છે. આખા સ્વભાવનો અનાદર કરનાર તે દૃષ્ટિ અનંત સંસારનું કારણ છે, અને તે દૃષ્ટિ એક સમયમાં મહા પાપનું કારણ છે. હિંસા, ચોરી, જૂઠું, શિકાર વગેરે સાત વ્યસનોના પાપ કરતાં પણ ઊંધી દૃષ્ટિનું પાપ અનંતગણું વધારે કહ્યું છે.

**જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,**
**જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી.૧૭૯. –શ્રી નિયમસાર**

## (૭) દ્રવ્યદૃષ્ટિ એ કર્તવ્ય છે

અનાદિ-અનાદિકાળથી ચાલ્યા આવતા આ સંસારના ભયંકર દુઃખોનો નાશ કરવા માટે તેના મૂળભૂત બીજરૂપ મિથ્યાત્વનો આત્માની સાચી સમજણરૂપ સમ્યક્ત્વ દ્વારા નાશ કરવો—એ જ જીવનું કર્તવ્ય છે. અનાદિથી સંસારપરિભ્રમણ કરતાં આ જીવે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા વગેરે બધું પોતાની માન્યતા પ્રમાણે અનંતવાર કર્યું છે, અને પુણ્ય કરી સ્વર્ગનો દેવ અનંતવાર થયો છે, છતાં સંસાર-ભ્રમણ ટળ્યું નથી; તેનું એક માત્ર કારણ એ જ છે કે જીવે પોતાના આત્મસ્વરૂપને જાણ્યું નથી, સાચી દૃષ્ટિ કરી નથી. અને સાચી દૃષ્ટિ કર્યા વગર ભવના નીવેડા આવે તેમ નથી. તેથી આત્મહિત માટે દ્રવ્યદૃષ્ટિ કરી સમ્યગ્દર્શન પ્રગટાવવું એ જ સર્વ જીવોનું કર્તવ્ય છે. અને તે કર્તવ્ય સત્સમાગમે સ્વ તરફના પુરુષાર્થથી દરેક જીવ કરી શકે છે. એ સમ્યગ્દર્શન કરવાથી જીવનો જરૂર મોક્ષ થાય છે. (ક્રમશઃ) ❋

---


(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

સ્વભાવમાં છે. સિદ્ધ ભગવંતોને આત્મામાં બધી રીતે પૂર્ણતા છે, અહો ! પૂર્ણતા તો સિદ્ધદશામાં છે; દરેક આત્મા સિદ્ધ જેવો પરિપૂર્ણ છે. એવા આત્મસ્વભાવની ભાવના કરવા જેવી છે. બહારમાં સંસારને સુધારવા માગે તો તે સુધરી શકે તેમ નથી, પણ સંસારની ભાવના છોડીને સ્વભાવની ભાવના કરે તો તે પર્યાયમાં પૂર્ણ જ્ઞાન-આનંદ પ્રગટી જાય. સંસારનું આવું સ્વરૂપ વિચારીને ધર્મી જીવ સ્વભાવની ભાવના વધારે છે ને તેને ક્ષણે-ક્ષણે શુદ્ધતા વધતી જાય છે. પુણ્ય ને પુણ્યનું ફળ તે આત્માની ચીજ નથી. પુણ્ય તો અનંતવાર કરી ચૂક્યો. પણ જે ભાવથી આત્મામાં જન્મ-મરણનો અંત આવે તેવો ભાવ પૂર્વે કદી પ્રગટ કર્યો નથી. અહો ! સ્વભાવનું ભાન કરીને તેની ભાવનાથી જન્મ-મરણનો અંત આવે તે જ કરવા જેવું છે.

---

મૃતક ક્લેવરમાં મૂર્છાએલો એવો આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી, પોતા તરફ નજર કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં, માનતા અને તેમાં સ્થિર થતા દિપ્ત થાય તેવી ચીજ પોતે જ છે. **—પૂજ્ય ગુરુદેવશ્રી**

**નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.** **–શ્રી નિયમસાર**




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૮

દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય. ૧૮.

**'દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે.'**

દ્રવ્ય એટલે કાયમ રહેનારી જ્ઞાયક ચીજ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખવાથી, ધ્યેય ત્યાં છે, ધ્રુવ ત્યાં છે, સામાન્યપણું ત્યાં છે, ધ્રુવનું ધામ તેટલું છે, તે તારું ધામ છે, તે તારું મહાન ક્ષેત્ર છે—એમ તેનો મહિમા જાગીને તેની પ્રતીતિ થશે. વાત તો બહુ થોડી છે, થોડા શબ્દોમાં, પણ ભાવ ઘણા ઊંડા છે. આમાં વાદવિવાદનો પ્રસંગ ક્યાં છે? વિવાદ આડે જીવને નિજ દ્રવ્યસ્વભાવનો મહિમા નજરમાં આવતો નથી. આ તો આત્માનો રસ લાગે એવી વાતો છે બાપુ! પરના રસમાં રંગાઈ ગયો તેને નિજ વીતરાગસ્વભાવનો રસ નહિ આવે, અને જેને વીતરાગસ્વભાવનો રસ ને રંગ લાગ્યો તેને રાગનો રસ—રંગ નહિ લાગે.

**'વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે.'**

ભૂમિકા પ્રમાણે રાગ આવે પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર—સુખસિંધુ એવી જ્ઞાયકવસ્તુ ઉપર—રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ—શ્રદ્ધાનું જોર—એક નિજ જ્ઞાયકદ્રવ્ય ઉપર જ છે. ધ્યેય દ્રવ્યસામાન્યરૂપ–ધ્રુવસ્વરૂપ વસ્તુ છે, તેના ઉપરથી લક્ષ ખસતું નથી. ગમે તે પ્રસંગોમાં ભૂમિકા પ્રમાણે શુભ-અશુભ વિકલ્પો આવે; રાગ છે ને! તેથી આવે એમ લીધું. વિકલ્પો આવે છતાં સાધકની દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર જ છે.

**''જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો.''**

પતંગ આકાશમાં ગમે ત્યાં જાય પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્યસિંધુ છું' એ દોર હાથમાં રાખવો. ચૈતન્યમય કાયમી ચીજ, ટકતી ચીજ તે હું છું; ત્રિકાળ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

> જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,
> જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧. –શ્રી નિયમસાર

## શ્રી નાટક સમયસાર
# સર્વવિશુદ્ધિ દ્વાર અધિકારનો સાર

અનંતકાળથી જન્મ-મરણરૂપ સંસારમાં નિવાસ કરતાં આ મોહી જીવે પુદ્‌ગલોના સમાગમથી કદી પોતાના સ્વરૂપનો આસ્વાદ લીધો નથી, અને રાગ-દ્વેષ આદિ મિથ્યાભાવોમાં તત્પર રહ્યો. હવે સાવધાન થઈને નિજાત્મઅભિરુચિરૂપ સુમતિ રાધિકા સાથે સંબંધ કરવો અને પરપદાર્થોમાં અહંબુદ્ધિરૂપ કુમતિ કુબ્જાથી વિરક્ત થવું ઉચિત છે. સુમતિ રાધિકા શેતરંજના ખેલાડી સમાન પુરુષાર્થને મુખ્ય કરે છે અને કુમતિ કુબ્જા ચોપાટના ખેલાડીની જેમ 'પાસા પડે સો દાવ'ની નીતિથી ભાગ્યનું અવલંબન લે છે. આ દ્રષ્ટાંતથી સ્પષ્ટ છે કે નીતિથી પોતાના બુદ્ધિબળ અને બાહ્ય સાધનોનો સંગ્રહ કરીને ઉદ્યોગમાં તત્પર થવાની શિખામણ આપવામાં આવી છે. નસીબની વાત છે, કર્મ જેવો રસ આપશે તે થશે, ભાગ્યમાં નથી, ઈત્યાદિ ભાગ્યને રોવું તેને અજ્ઞાનભાવ કહ્યો છે, કારણ કે ભાગ્ય આંધળું છે અને પુરુષાર્થ દેખતો છે.

આત્મા પૂર્વકર્મરૂપ વિષવૃક્ષોનો કર્તા-ભોક્તા નથી, આ જાતનો વિચાર દ્રઢ રાખવાથી અને શુદ્ધાત્મપદમાં મસ્ત રહેવાથી તે કર્મ-સમૂહ પોતાની મેળે નષ્ટ થઈ જાય છે. જો આંધળો મનુષ્ય લંગડા મનુષ્યને પોતાના ખભા ઉપર લઈ લે, તો આંધળો લંગડાના જ્ઞાન અને લંગડો આંધળાના પગની મદદથી રસ્તો પસાર કરી શકે છે, પરંતુ આંધળો એકલો જ રહે અને લંગડો પણ તેનાથી જુદો રહે તો, તે બંને ઈચ્છિત ક્ષેત્રે પહોંચી શકતા નથી અને વિપત્તિ ઉપર વિજય મેળવી શકતા નથી. એ જ દશા જ્ઞાન અને ચારિત્રની છે. સાચું પૂછો તો, જ્ઞાન વિના ચારિત્ર ચારિત્ર જ નથી, અને ચારિત્ર વિના જ્ઞાન જ્ઞાન જ નથી, કારણ કે જ્ઞાન વિના પદાર્થનું સ્વરૂપ કોણ ઓળખશે અને ચારિત્ર વિના સ્વરૂપમાં વિશ્રામ કેવી રીતે મળશે ? તેથી સ્પષ્ટ છે કે જ્ઞાન-વૈરાગ્યની જોડી છે. ક્રિયાના ફળમાં લીન થવાનો જૈનમતમાં કાંઈ મહિમા નથી, તેને "કરની હિત હરની સદા, મુકતિ વિતરની નાંહિ" કહ્યું છે. તેથી જ્ઞાનીઓ જ્ઞાનગોચર અને જ્ઞાનસ્વરૂપ આત્માનો જ અનુભવ કરે છે.

યાદ રહે કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે, જ્યારે તે જ્ઞેયનું ગ્રહણ કરે છે

દ્રગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,
અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨. –શ્રી નિયમસાર

અર્થાત્ જાણે છે, ત્યારે તેની પરિણતિ જ્ઞેયાકાર થાય છે કારણ કે જ્ઞાન સવિકલ્પ છે, દર્શન સમાન નિર્વિકલ્પ નથી, અર્થાત્ જ્ઞાન જ્ઞેયના આકાર આદિનો વિકલ્પ કરે છે કે આ નાનું છે, આ મોટું છે, વાંકું છે, સીધું છે, ઊંચું છે, નીચું છે, ગોળ છે, ત્રિકોણ છે, મીઠું છે, કડવું છે, સાધક છે, બાધક છે, હેય છે, ઉપાદેય છે, ઇત્યાદિ. પરંતુ જ્ઞાન જ્ઞાન જ રહે છે, જ્ઞેયનું જ્ઞાયક હોવાથી અથવા જ્ઞેયાકારે પરિણમવાથી જ્ઞેયરૂપ થતું નથી, પરંતુ જ્ઞાનમાં જ્ઞેયની આકૃતિ પ્રતિબિમ્બિત થવાથી અથવા તેમાં આકાર આદિનો વિકલ્પ થવાથી અજ્ઞાનીઓ જ્ઞાનનો દોષ સમજે છે અને કહે છે જ્યારે આ જ્ઞાનની સવિકલ્પતા મટી જશે—અર્થાત્ આત્મા શૂન્ય જડ જેવો થઈ જશે, ત્યારે જ્ઞાન નિર્દોષ થશે, પરંતુ 'વસ્તુસ્વભાવ મિટૈ નહિ ક્યોંહી'ની નીતિથી તેમનો વિચાર નિષ્ફળ છે, ઘણું ખરું જોવામાં આવ્યું છે કે આપણે કાંઈને કાંઈ ચિંતવન કર્યા જ કરીએ છીએ, તેનાથી ખેદખિન્ન થયા કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આ ચિંતવન ન થયા કરે. એ માટે આપણો અનુભવ એવો છે કે ચેતયિતા ચેતન તો ચેતતો જ રહે છે, ચેતતો હતો અને ચેતતો રહેશે, તેનો ચેતના સ્વભાવ મટી શકતો નથી. ''તાતૈં ખેદ કરૈં સઠ યોંહી'ની નીતિથી ખિન્નતા પ્રતીત થાય છે, માટે ચિંતવન ધર્મ-ધ્યાન અને મંદકષાયરૂપ થવું જોઈએ. એમ કરવાથી ઘણી શાંતિ મળે છે તથા સ્વભાવનો સ્વાદ મળવાથી સાંસારિક સંતાપ સતાવી શકતા નથી. તેથી સદા સાવધાન રહીને ઇષ્ટ-વિયોગ, અનિષ્ટ સંયોગ, પરિગ્રહ-સંગ્રહ આદિને અત્યંત ગૌણ કરીને નિર્ભય, નિરાકુળ, નિગમ, નિર્ભેદ આત્માના અનુભવનો અભ્યાસ કરવો જોઈએ.

---

(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ)

ટકતું તત્ત્વ—જ્ઞાયક ચૈતન્ય તે હું છું, એ દોર હાથમાં રાખીને ભૂમિકા પ્રમાણે ભલે ગમે તેવા વિકલ્પો આવે તોપણ દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી જરાય ખસતી નથી.

**'વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય.'**

શુભાશુભ વિકલ્પો આવે, પણ ચૈતન્ય શુદ્ધતત્ત્વ તે હું છું—એ દોર લક્ષમાંથી ખસવો ન જોઈએ. 'હું ચૈતન્ય છું' એવો વારંવાર અભ્યાસ કરવાથી અંદર દૃઢતા થાય. શુભભાવ કરવાથી ચૈતન્યની દૃઢતા થાય નહિ, પણ અંદર સ્વભાવની દૃષ્ટિનો અભ્યાસ રાખવાથી દૃઢતા થાય. (ક્રમશઃ)

❋

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—કેરીના સ્વાદ આત્માને આવે છે તેમ આત્માના અનુભવનો સ્વાદ કેવો હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કેરી તો જડ છે, જડ કેરીનો સ્વાદ આત્માને આવતો નથી. કેરીના મીઠા રસનું જ્ઞાન થાય છે અને કેરી ઠીક છે એવી મમતાના રાગનો દુઃખરૂપ સ્વાદ આત્માને આવે છે. આત્માના અનુભવનો જે અતીન્દ્રિય આનંદ આવે છે તે આનંદ વચન અગોચર છે, અનુભવગમ્ય છે.

શ્રોતા :—આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે તેનું માહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ, અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઈ આડું ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું માહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો માહાત્મ્ય આવે એમ નહીં, કેટલાક એમ લઈ લ્યે છે; પહેલા માહાત્મ્ય આવે તો માહાત્મ્ય આવતાં આવતાં ભાન થાય.

શ્રોતા :—આત્માના જુદા જુદા ગુણો ખ્યાલમાં આવે છે પણ અભેદ ખ્યાલમાં નથી આવતો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતે ખ્યાલમાં લેતો નથી એટલે આવતો નથી. અભેદને ખ્યાલમાં લેવો એ તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. નિર્વિકલ્પ થાય ત્યારે અભેદ આત્મા ખ્યાલમાં આવે છે.

શ્રોતા :—એ ખ્યાલમાં લેવો કઠણ પડે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધી...રે...ધી...રે પ્રયત્ન કરવો, મૂંઝાવા જેવું નથી. અનુભવમાં આવી શકે એવો છે માટે ધી...રે...ધી...રે પ્રયાસ કરવો, મૂંઝાવું નહિ, થઈ શકે એવું છે. આવા કાળે આવી ઊંચી વાત સાંભળવા મળી છે એ ઓછું છે! ❊

**નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક-અગ્રે જાય છે. ૧૮૩.** **–શ્રી નિયમસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સત્પુરુષ મળે તો શું તેને માર્ગની મૂંઝવણ ટળી જાય ?

પૂજ્ય બહેનશ્રી :—સાચા ગુરુ મળ્યા હોય અને સાચી પ્રતીતિ થઈ હોય તો તેની પ્રતીતિ દૃઢ જ રહે છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ જેને મળે અને અંતરથી સાચું ગ્રહણ થાય તો તેને વિશ્વાસ જ રહે છે કે આ રસ્તે જ આત્મસાક્ષાત્કાર થવાનો છે, બીજો કોઈ રસ્તો નથી. મારા પુરુષાર્થની મંદતા છે તેથી હું નથી કરી શકતો, પણ તેની રુચિ એમાં જ રહ્યાં કરે કે આ રસ્તે જ જવાનું છે, બીજો કોઈ રસ્તો નથી. બહાર તેની રુચિ મંદ પડી જાય અને અંદરમાં તેને હૂંફ આવી જાય કે આ જ રસ્તો છે. સાચા ગુરુ મળે અને અંતરથી વિશ્વાસ ન આવે એમ બને જ નહિ. માટે હજી સાચો વિશ્વાસ નથી આવતો તો ગુરુને ઓળખ્યા જ નથી. ગુરુને પરીક્ષા કરીને સ્વીકાર કરે તો તેને ભટકવું ન પડે, માર્ગ નક્કી જ થઈ જાય, કારણ કે આત્મામાં એટલું નક્કી કરવાની શક્તિ છે કે માર્ગ આ જ સાચો છે. ગુરુ કહે છે તે બરાબર છે એમ બુદ્ધિથી નક્કી કરી શકે છે.

અહીં ગુરુદેવ બિરાજતા હતા. તેમની વાણીમાં એવો ધોધ વરસતો હતો અને એવી અપૂર્વતા હતી કે બીજાને નક્કી જ થઈ જાય કે માર્ગ આ જ છે. બુદ્ધિથી વિચાર કરે તેને સાચો માર્ગ ન મળે અને નક્કી ન થાય એમ બને જ નહિ. સાચા ગુરુ મળે તેને પોતાને અંદરથી વિશ્વાસ ને હૂંફ આવી જાય, પછી તેને ભટકવાનું રહે જ નહિ. જેને હૂંફ આવી જાય તેને પછી ભલે પુરુષાર્થ મંદ થાય કે પુરુષાર્થ ન કરી શકે, પણ તેની રુચિ આખી બદલાઈ જાય કે આત્મા જુદો છે. ભલે મને માર્ગ નથી પકડાતો, પણ માર્ગ તો આ જ સાચો છે. ભેદજ્ઞાનના રસ્તે જ જવાનું છે, અંતરમાં જ માર્ગ છે —એમ અંતરમાંથી તેને વિશ્વાસ આવી જાય છે. સાચા ગુરુ મળે અને પોતે નક્કી કરે તો ક્યાંય ભટકવાનું રહેતું જ નથી.

ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્ગલોનું ગમન છે;
ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪. –શ્રી નિયમસાર

## હે જીવ ! પ્રમાદ છોડી જાગૃત થા...જાગૃત થા.

* રે જીવ ! મરણ જેટલી પ્રતિકૂળતા આવે તોપણ તું તારા આત્માનો અનુભવ કર....સ્વરૂપને જોવા માટે કુતૂહલ કર એટલે કે તીવ્ર જિજ્ઞાસા કર. શુદ્ધ ચૈતન્યને દેખતાં તને આનંદ થશે. આ દેહ તો સંયોગરૂપ છે, ક્ષણમાં તેનો વિયોગ થઈ જશે, અત્યારે પણ તે જુદો છે, માટે તેનો મોહ છોડી ચૈતન્યતત્ત્વ જ પરમ ઉપાદેય છે. અત્યંત દઢપણે ભેદજ્ઞાનનો ઉદ્યમ કરીને આત્માને અનુભવમાં લે.

* અરે ક્યાં ચેતનમૂર્તિ આત્મા ! ને ક્યાં આ જડ શરીર ! બંનેને કાંઈ લાગતું વળગતું નથી, જરાપણ એકતા નથી. દેહથી તદ્દન જુદો એવો આત્માનો ચૈતન્યવિલાસ અનુભવમાં લેતાં જ તારો મોહ છૂટી જશે, શરીર મારું–એવી મિથ્યાત્વબુદ્ધિ મટી જશે.

* ભાઈ ! શરીર તો તારામાં કદી છે જ નહીં, તું તો ચૈતન્ય છો. ચૈતન્યનો અનુભવ આનંદરૂપ છે, તેમાં મોહ નથી, રાગ નથી. આવા તારા ચૈતન્યની શુદ્ધિને ભૂલીને તું દેહની મમતામાં બેશુદ્ધ થઈ રહ્યો છે !–પણ એકવાર તો સર્વ ઉદ્યમથી તારા ભિન્ન ચૈતન્યને દેખ....આત્માને ભવની મૂર્તિ એવા દેહથી જુદો અનુભવમાં લે. એને અંતરમાં દેખતાં જ તારા મિથ્યાત્વનો નાશ થઈ જશે. ને અપૂર્વ સમ્યક્ત્વ થશે. તારા અંતરમાં તને ચૈતન્યના પત્તા લાગશે.

* મિથ્યાત્વ કઈ રીતે મટે છે ? તો કહે છે કે, પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુને સ્વસંવેદન પ્રત્યક્ષ વડે અનુભવમાં લેતાં મિથ્યાત્વ જરૂર મટે છે, ને સમ્યગ્દર્શન થાય છે, આનંદનો અનુભવ થાય છે.

* ભાઈ ! આ શરીર છે તે તો જડરૂપે રહ્યું છે, તે કાંઈ તારારૂપે થઈને રહ્યું નથી, એટલે તે તું નથી. તું તો એનાથી સાવ જુદો ચૈતન્યરૂપ છો....દેહથી ભિન્ન એવા તારા નિજરૂપને જોવાની તું જિજ્ઞાસા કરીને તું તારા આત્માને અનુભવમાં લે.

* મુમુક્ષુએ આ અસારસંસારથી વિરક્ત થઈને શીઘ્ર આત્માનો અનુભવ કરવા જેવું છે. જો એ અનુભવ ન કર્યો તો આ મનુષ્યભવ મળ્યો તે ન મળ્યા જેવું છે. મનુષ્યપણું તો વિજળીના ઝબકારા જેવું છે, તેમાં સત્સંગ પામીને આત્માનો અનુભવ કરી લેવો– એ જ કરવાનું છે, બાકી બીજું કાંઈ કરવા જેવું છે જ નહિ. માટે–

હે જીવ ! પ્રમાદ છોડી જાગૃત થા....જાગૃત થા.

(આસો સુદ બીજના વૈરાગ્યભીના પ્રવચનમાંથી)

# સોનગઢમાં અદ્ભુત કારખાનું




જુદા જુદા ગામના થોડાક મિત્રો ભેગા થયા હતા...ને પોતપોતાના ગામના ઉદ્યોગની ચર્ચા કરી રહ્યા હતા—

મોરબીના એક ભાઈ કહે : અમારા ગામમાં તો ઘડિયાળની મોટી ફેક્ટરીઓ (કારખાનાઓ) છે.

મુંબઈના મિત્ર કહે : અમારે ત્યાં સ્ટીલની ફેક્ટરીઓ છે.

જલગાંવના મિત્ર કહે : અમારે ત્યાં પ્લાસ્ટિકના પાઈપની ફેક્ટરીઓ છે.

જમશેદપુરના મિત્ર કહે : અમારે ત્યાં લોખંડની મોટી ફેક્ટરી છે.

વાંકાનેરના મિત્રો કહે : અમારે ત્યાં ગ્લેજ ટાઈલની ફેક્ટરીઓ છે.

ત્યારે સોનગઢવાસી મિત્ર કહે : અમારા ગામમાં તો એ બધાય કરતાં જુદી જ જાતની એક સુંદર ફેક્ટરી છે!

બધા મિત્રોએ ઈન્તેજારીથી પૂછ્યું—શેની ફેક્ટરી છે?

ત્યારે તે ભાઈએ કહ્યું કે : અમારે ત્યાં તો આત્માને પરમાત્મા બનાવવાની ફેક્ટરી છે. પામરપણાંથી પરમાત્મપણાનું ઉત્પાદન કેમ થાય તેનો જોરદાર ઉદ્યોગ સોનગઢની ફેક્ટરીમાં ચાલે છે.

બધા મિત્રો કહે : વાહ! ઉત્તમ ફેક્ટરી! ચાલો, આપણે એ ફેક્ટરી જોવા જઈએ.

## બાળ વિભાગ

# હસમુખની ફરિયાદ

હસમુખ : ગુરુજી આજે હું જ્યારે પાઠશાળા આવતો હતો ત્યારે ભૂપતે મને ગાળ આપી.

ગુરુજી : તો આ જ આપણે આ સંબંધમાં વિચાર કરીએ. કહો હસમુખ આ ભૂપત ક્યું દ્રવ્ય છે?

હસમુખ : આ તો જીવદ્રવ્ય છે.

ગુરુજી : વસંત કહે કે તો ગાળ શેનાથી બની ?

વસંત : આ તો પુદ્‌ગલ દ્રવ્ય છે.

ગુરુજી : પુરું કહો, કોણ બતાવશે ?

ધરણીધર : શ્રીમાનજી આ અનેક પુદ્‌ગલ દ્રવ્યોંથી બનેલી સ્કંધોની ભાષા વર્ગણાની પર્યાય છે.

ગુરુજી : બરાબર, તો ભૂપત તો જીવ દ્રવ્ય છે અને ગાળ નામનો શબ્દ પુદ્‌ગલ દ્રવ્યથી બનેલ છે. તો પછી બંને દ્રવ્ય અલગ-અલગ સાબિત થયા.

હસમુખ : પરંતુ મને ગાળ દેવાના ભાવ તો ભૂપતે કર્યા ને ?

ગુરુજી : તું શાંત થા, તારી આ વાત પણ આવે છે. કહો ભૂપતે ગાળ દેવાના ભાવ કર્યા, માટે ગાળ નીકળી ? કોણ જવાબ આપશે ?

રજની : ના, ગુરુજી ! આ કેવી રીતે શક્ય બને ? જીવ અને પુદ્‌ગલ બંને સ્વતંત્ર અને અલગ-અલગ છે.

ગુરુજી : તો પુદ્‌ગલના પરમાણુઓને ગાળ-રૂપ પરિણમવા માટે ભૂપતે એવા ભાવ કરવા પડ્યા, એમ કહીએ તો ?

મનસુખ : આ પણ દોષયુક્ત છે.

ગુરજી : શા માટે ? નિયમાનુસાર સમજાવ.

મનસુખ : દરેક દ્રવ્યમાં એક અગુરુલઘુ નામનો સામાન્ય ગુણ છે, જેના કારણે દ્રવ્યની દ્રવ્યતા હંમેશા કાયમ રહે છે એટલે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ કદી પરિણમન કરતું નથી.

હસમુખ : તો ભૂપતે ગાળ દેવાનો ભાવ કર્યો, તેનું તો કાંઈ થવું જોઈએ ?

જ્યોતિન્દ્ર : (વચમાં જ બોલી ઉઠ્યો) કેમ નહીં ? તેને તો એમ કરવું જોઈએ કે ફરીવખત ગાળ દેવાનું જ ભૂલી જાય.

ગુરુજી : અરે ભાઈ ! તું તો ભારે ઉતાવળો છે. આ વાત હું કાંઈ ભૂલી ગયો નથી. શાંત થઈને સાંભળો. બોલો, ભૂપતે ગાળ દેવાના ભાવ કર્યા તે ભાવ કેવા કહેવાય ?

કિશોર : એ તો ખરાબ ભાવ કહેવામાં આવે છે. આનાથી તો પાપનો બંધ થાય છે.

હસમુખ : પાપ બંધાણું, તે તો પુદ્ગલ થયું ? તેમાં ભૂપતના આત્માને શું સજા થઈ ?

કિશોર : સજા કેમ ન થઈ ? જ્યારે પાપ કરો ત્યારે પાપના ભાવ કરવાથી ઘાતિકર્મરૂપી પાપનો બંધ થાય છે. આત્માની પર્યાય હીન બને છે તો પછી આ તો પાપનો ભાવ થયો. એમાં તો વધારે નુકશાન થયું. પાપભાવથી તો મૂઢતા વધી અને સંસાર વધ્યો.

ગુરુજી : શાબાશ કિશોર ! તેં બરાબર સ્પષ્ટ કર્યું, તો પછી તારો વિચાર ગાળને બદલે ગાળ દેવાનો છે ? બોલ હસમુખ શું વિચાર છે ?

હસમુખ : નહીં આદરણીય, એમ કરવાથી તો આ ખરાબ ભાવના ફળ પાછળ મારે જ ભોગવવા પડશે.

ગુરુજી : તો પુદ્ગલથી બનેલ શબ્દનો ઠપકો દેવો તો ઠીક છે ને ? બધા હસી પડે છે અને એક સાથે બોલી ઊઠે છે કે શ્રીમાન આ તો જડ છે તેને ક્યાં ખબર છે કે અમે કોણ છીએ ?

ગુરુજી : તો પછી શું કરવું છે ? હસમુખ હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. જાણવું અને દેખવું. પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના કારણે ટકે છે ને બદલે છે એવું આ જગતનું નાટક છે. આ જોઈને પોતાને જ જોવું તે દુઃખ અને શાંતિ મટાડવાનો ઉપાય છે. આજે બધા ખૂબ ખુશ થયા. અને આજે તો હસમુખે ફરિયાદ કરીને બરાબર ન્યાય કાઢ્યો એમ કહી સૌ છૂટા પડે છે.

આ જ સમયે એક નવા મુમુક્ષુ પાઠશાળામાં આવ્યા અને આ જોઈને બોલ્યા. વાહ રે વાહ ! ભાઈ આ તો કોલેજનું કોલેજ છે મનુષ્ય બનાવવાની મહાશાળા છે. આવી શાળાઓ તો ગામ-ગામમાં હોવી જોઈએ.

## ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૩૯) અમદાવાદ (ખાડિયા મંદિરમાં) તા. ૧-૨-૧૫ના રોજ એક દિવસીય શિબિર

(૪૦) કમળ મંદિર, સુરેન્દ્રનગર તા. ૧૫-૨-૧૫ના રોજ એક દિવસીય શિબિર.

(૪૧) તા. ૭ અને ૮-૩-૨૦૧૫ ઇન્દૌર દ્વીદિવસીય શિબિર.

(૪૩) તા. ૨૧-૩-૨૦૧૫, વઢવાણ એક દિવસીય શિબિર.

(૪૪) તા. ૨૮ અને ૨૯ માર્ચ ૨૦૧૫ ઘાટકોપર દ્વીદિવસીય શિબિર તથા રથયાત્રા.

(૪૫) તા. ૩ થી ૫ એપ્રિલ, ૨૦૧૫ શાંતિનાથ જિનાલય, સુરેન્દ્રનગર.

(૪૬) તા. ૧૧ અને ૧૨ એપ્રિલ ૨૦૧૫, શાંતિનાથ જિનાલય, સુરેન્દ્રનગર.

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલ અધ્યાપકે અધ્યાપન કરાવ્યું હતું. તદુપરાંત પૂજા-ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વઢવાણ નગરના મુમુક્ષુઓએ દરેક માસની સુદ બીજના દિવસે આ પ્રકારની શિબિરોનું આયોજન વિશેષપણે કર્યું હતું.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાધ્યાયી) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

✽ **આર્દ્રા નક્ષત્ર** :–તા. ૨૨-૬-૨૦૧૫, સોમવારના રોજ બપારે ૪-૪૬ વાગ્યે પ્રારંભ થાય છે.

## વૈરાગ્ય સમાચાર :–

ભાવનગરનિવાસી શ્રી અશોકચંદ્ર ભાનુચંદ્ર શાહનું તા. ૧૨-૦૨-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

લાઠીનિવાસી (હાલ બોરીવલી) શ્રી બિપિનભાઈ કનૈયાલાલ ભાયાણી (ઉ.વ. ૫૩)નું તા. ૬-૪-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

ઘાટકોપરનિવાસી મહાસુખલાલ પ્રેમચંદભાઈ શેઠના સુપુત્રી હર્ષાબેન ચંદ્રકાંત (ઉ.વ. ૬૦)નું તા. ૧૧-૪-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

ચોટીલાનિવાસી (હાલ દાદર-મુંબઈ) શ્રી કનૈયાલાલ ગુલાબચંદ કોઠારીનું તા. ૧૮-૪-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

વઢવાણનિવાસી (હાલ પાર્લા-મુંબઈ) જયાબેન જયંતીલાલ દોશી (ઉ.વ. ૭૯) (—તેઓ પાર્લા મંદિરના ઉત્સાહી ટ્રસ્ટી શ્રી અક્ષયભાઈ દોશીના માતુશ્રી)નું તા. ૩૦-૦૪-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

લાઠીનિવાસી (હાલ સોનગઢ) શ્રી રસિકલાલ કાનજીભાઈ શાહ(ઉ.વ. ૮૦)નું તા. ૧૧-૫-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સોનગઢનિવાસી પ્રભાબેન દામોદરદાસ મોદી (ઉ.વ. ૮૫) (તે બ્ર. તરુબેન તથા નીલાબેનના માતુશ્રી)નું તા. ૧૨-૫-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રીને ધર્મ પ્રાપ્તિની તીવ્ર જિજ્ઞાસા હોવાથી છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો જ લાભ લીધો હતો.

## (૨૫)
## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૪૮૧) મહાભારતનું યુદ્ધ ................ દિવસ ચાલ્યું હતું.

(૪૮૨) ણમોકાર મંત્રને સૌથી પહેલાં લિપિબદ્ધ .................. અને .................. મુનિરાજે કરેલ હતું.

(૪૮૩) ................... આ એક એવું સ્થાન છે જ્યાં ત્રણે ગતિના જીવ એક સાથે હોય છે.

(૪૮૪) મૂઢતા ................. પ્રકારની હોય છે.

(૪૮૫) અલોકાકાશને પણ આકાર હોય છે તે ..................... ગુણની યથાર્થતા બતાવે છે.

(૪૮૬) ચોથા ગુણસ્થાનવાળાને ........................ ચારિત્ર હોય છે.

(૪૮૭) ભરતક્ષેત્રમાં નારદ મુનિની સંખ્યા ............... હોય છે.

(૪૮૮) સોમાસતીના ગળામાં નાગનો હાર બનવાનો પ્રસંગ ...................માં થયો હતો.

(૪૮૯) સંસ્કૃતભાષાનો સૌ પ્રથન જૈનગ્રંથ .................... છે.

(૪૯૦) આચાર્ય સમંતભદ્રસ્વામીએ સ્વયંભૂ સ્તોત્રની રચના .................... માં કરી હતી.

(૪૯૧) દ્રવ્યમાં નવીન .................. ની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે.

(૪૯૨) જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર .................. શાસ્ત્રમાં આવે છે.

(૪૯૩) લક્ષ ચોરાશી યોનીમાં, ભમિયો કાળ અનંત,
પણ સમકિત તેં નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાંત.
આ ગાથા ...................... શાસ્ત્રની છે.

(૪૯૪) જ્યાં ૧૪૦૦ કલાકારો અને ૧૨૦૦ મજુરોએ ૧૪ વર્ષ સુધી એક ભવ્ય જિનમંદિર બનાવ્યું છે તે સ્થાન ..................... છે.

(૪૯૫) કર્તા-કર્મભાવ ....................... દ્રવ્ય વચ્ચે હોય છે.

(૪૯૬) પર્યાય પરની દૃષ્ટિ છોડી .................... ઉપર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ.

(૪૯૭) જ્યાં વ્યાપ્ય-વ્યાપક ભાવ હોય ત્યાં જ ........................ ભાવ હોય છે.

(૪૯૮) આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની.
આ ગાથા .................... શાસ્ત્રની છે.

(૪૯૯) પર્યાય અપેક્ષાએ ...................... અનિત્ય છે.

(૫૦૦) માંગીતુંગી આ તીર્થક્ષેત્ર ........................ પ્રાંતમાં આવેલ છે.

---

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ
# પ્રશ્ન મે-૨૦૧૫ના
# ઉત્તર

(૪૬૧) શાંતલસા (શાંતા)

(૪૬૨) અજિતનાથ, અભિનંદનનાથ, અનંતનાથ, અરહનાથ, અતિવીર

(૪૬૩) સતી સીતા

(૪૬૪) તેરમા

(૪૬૫) ઋષભદેવ, સંભવનાથ, અભિનંદનનાથ, પદ્મપ્રભ, ચંદ્રપ્રભ

(૪૬૬) પહેલે

(૪૬૭) બારમા

(૪૬૮) પ્રમેયત્વ

(૪૬૯) દ્રવ્યત્વ

(૪૭૦) જ્ઞાન

(૪૭૧) અજીવ

(૪૭૨) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય

(૪૭૩) મતિ

(૪૭૪) મિથ્યાત્વ

(૪૭૫) સુભૌમ ચક્રવર્તી

(૪૭૬) જીવ પુદ્ગલ

(૪૭૭) ભરત ચક્રવર્તી

(૪૭૮) વજ્રવૃષભનારાચ

(૪૭૯) ૧૫

(૪૮૦) મધ્યપ્રદેશ

# (૨૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નના જવાબ અંકમાં લખવાના છે.

(૪૮૧) અંજનાસતીને ગુફામાં ................. નામના મુનિરાજ મળ્યા હતા.

(૪૮૨) હનુમાનનો જન્મોત્સવ .................... દ્વીપમાં થયો હતો.

(૪૮૩) ભગવાન રામનું બીજું નામ ..................... હતું.

(૪૮૪) પદ્મપુરાણનો અનુવાદ પંડિત .................... એ કર્યો હતો.

(૪૮૫) ભરતક્ષેત્રમાં રુદ્રની સંખ્યા ................. હોય છે.

(૪૮૬) .................... તથા .................. ભગવાનનો જન્મ મિથિલાપુરમાં થયો હતો.

(૪૮૭) માટીનું ઘડારૂપે પરિણમન થવામાં ................ સામાન્યગુણ નિમિત્ત છે.

(૪૮૮) વસ્તુના સ્વરૂપમાં સર્વથા નિત્ય અર્થાત્ સર્વથા અનિત્ય માનવું તે .............. મિથ્યાત્વ છે.

(૪૮૯) ............. કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરની હોય છે.

(૪૯૦) જે લક્ષણ લક્ષ્યમાં હોય અને અલક્ષ્યમાં પણ હોય તેને .................. દોષ કહે છે.

(૪૯૧) અભવી જીવને સંસારમાં રહેવાનો કાળ .................. હોય છે.

(૪૯૨) ૧૦મા ગુણસ્થાન સુધી મુનિરાજને ................... આસ્રવ હોય છે.

(૪૯૩) મુનિરાજના મલિન શરીરને દેખીને ગ્લાની ન કરવી તેને ................... ગુણ કહે છે.

(૪૯૪) શરીરાદિકની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ................. કહે છે.

(૪૯૫) સિદ્ધ ભગવાનને ગોત્રકર્મના અભાવમાં .................. ગુણ પ્રગટ થાય છે.

(૪૯૬) ૧૦ એ ૧૧ પ્રતિમાના ધારકને ................ શ્રાવક કહેવાય છે.

(૪૯૭) અનુકૂળતા જેનું લક્ષણ છે તેને ..................... શક્તિ કહે છે.

(૪૯૮) સમયસારની ૪૯મી ગાથાના ....................... ૬ બોલ છે.

(૪૯૯) મુનિરાજ ................ અંતરાય અને ............... દોષ ટાળી આહાર ગ્રહણ કરે છે.

(૫૦૦) દસમાં ગુણસ્થાનનું નામ ....................... છે.

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન મે–૨૦૧૫ના
# ઉત્તર

(૪૬૧) ૧ લાખ (૧00000)

(૪૬૨) ૪૫ લાખ

(૪૬૩) ૮,૫૬,૯૭,૪૮૧

(૪૬૪) ૫૬૧૬

(૪૬૫) ૧

(૪૬૬) ૬૩

(૪૬૭) ૧૦

(૪૬૮) ૮

(૪૬૯) ૭,૭૨,00000
(૭ કરોડ ૭૨ લાખ)

(૪૭૦) ૧૩

(૪૭૧) ૧000

(૪૭૨) ૧૮

(૪૭૩) ૬૦૮

(૪૭૪) ૧૪૮

(૪૭૫) ૩૬૯૬

(૪૭૬) ૩ કમ ૯ કરોડ
(૮૯૯૯૯૯૯૭)

(૪૭૭) ૫૩

(૪૭૮) ૫000

(૪૭૯) ૨૦ ક્રોડાક્રોડી

(૪૮૦) ૮૪

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન છે. શાસ્ત્ર ભણતર તે જ્ઞાન નથી, પણ નિર્વિકલ્પ-સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિમાત્રલક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી—સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવો છે પણ ભગવાનની વાણીથી જણાય તેવો નથી. ભગવાનની ભક્તિથી જણાય તેવો નથી. આનંદની અનુભૂતિના સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદનજ્ઞાનથી એને જણાય એવા છે. ૧૨૦.

✻ નિર્વિકારી આનંદ સહિત જે જ્ઞાન હોય તેને સમકિતનું ક્ષયોપશમજ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં આત્મ-અનુભવ થતાં તેની પર્યાયમાં આખો આત્મા આવતો નથી. પણ બધી શક્તિઓ પર્યાયમાં એકદેશ પ્રગટ થાય છે. તારો આત્મા તને શેનાથી જણાય?—કે આનંદની અનુભૂતિ સહિતના સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય એવો છે, જ્યારે અનંત શક્તિઓ એક અંશે પર્યાયમાં પ્રગટ થાય ત્યારે આત્મા જણાય છે. ૧૨૧.

✻ જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મી જીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટ્યું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન ધ્યાની-જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ ધ્યેયનું ધ્યાન કરનારો પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી. ધર્મી કોનું ધ્યાન કરે છે? —ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે?—કે એક સમયની પર્યાય પાછળ બિરાજમાન જે સકલ નિરાવરણ—અખંડ—એક—પ્રત્યક્ષપ્રતિભાસ-મય—અવિનશ્વર—શુદ્ધ—પારિણામિકભાવલક્ષણ—નિજ પરમાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય શું? સમ્યગ્દષ્ટિ ધર્મીનો વિષય શું?—કે ત્રિકાળી—આત્મા એ તેનો વિષય છે કે જે સકલ—નિરાવરણ—એક અખંડ વસ્તુ છે. ૧૨૨.

✻ પ્રશ્ન :—સમ્યગ્દર્શન થતાં બધું વ્યવસ્થિત છે?

ઉત્તર :—અમસ્તું પણ બધું વ્યવસ્થિત જ છે, પણ સમ્યગ્દર્શન થતાં એના નિર્ણયમાં આવી જાય છે કે બધું વ્યવસ્થિત જ છે. ૧૨૩.

Posted at Songadh PO
Publish on 1-06-2015
Posted on 1-06-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સમ્યક્ત્વની દુર્લભતા

ખાનદાન કુળ, ધનવાનપણું, નીરોગી શરીર તથા લાંબું આયુષ્ય એ બધુંય પામીને અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહાસંક્લિષ્ટ પરિણામ હોય, ક્રોધ-માન-માયા-લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે? વિષય કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયના પરિણામ પણ ન હોય—તેને ધર્મની પાત્રતા પણ નથી, એટલે મંદકષાયનાં સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી. પણ અહીં તો એમ કહે છે કે, સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. તો પછી ધર્મની દુર્લભતાની તો શી વાત! ઘણા જીવોને સરળ પરિણામ થવા છતાં સત્સમાગમ મળવો દુર્લભ છે. કોઈક લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે, પણ વીતરાગી સર્વજ્ઞ શાસનના તત્ત્વ સમજાવનારનો સત્સમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે, પણ કુદેવ-કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રદ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ-ગુરુનો સમાગમ મળવો મહા દુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહા ભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્સમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org